# આપણી મા



## ખંભોળજ ધર્મવિભાગનું ત્રિમાસિક મુખપત્ર

★ વર્ષ : ૭ ★ અંક : ૨૫ ★ જાન્યુઆરી થી માર્ચ ૨૦૨૦ ★




**આપણી મા પરિવાર તરફથી સર્વને નાતાલ તથા નવાવર્ષ -૨૦૨૦ ની શુભેચ્છા**

ખાનગી વિતરણ માટે

તમે ઘણુ જીવોને વ્હાલા, તમે ઘણુ જીવો.

*Happy Birthday To Rahelben*

**1/1/2020**



From

# Johnbhai Macwan & Family

Karamsad, Anand. Mob. 99799 55732

*Happy Christmas & Happy New Year 2020*

# આપણી મા


ખંભોળજ ધર્મવિભાગનું ત્રિમાસિક મુખપત્ર :
(જાન્યુઆરી -૨૦૨૦ થી માર્ચ-૨૦૨૦) વર્ષ-૭, અંક-૨૫
આશીર્વાદ : પ.પૂ. બિશપ રત્નસ્વામી
પ્રકાશક : ફાધર લૉરેન્સ એ., સભા પુરોહિત
મેનેજિંગ તંત્રી : ફાધર માર્ટીન અપ્પા
તંત્રી : શૈલેષ વાણિયા "શૈલ"
તંત્રી મંડળ : (૧) ફાધર અરૂલ
(૨) ફાધર આરસકુમાર (૩) રાજુભાઈ પરમાર (ઓડવાળા)
(૪) રાજબંધુ જયંત એમ., વડોદરા (૫) પ્રકાશચંદ્ર ટી. પરમાર,
પેટલાદ (૬) વિમળાબેન મેકવાન, નડીયાદ
(૭) શૈલેષ રાઠોડ (૮) શૈલેષ ક્રિસ્ટી (૯) રમેશ ક્રિસ્ટી
(૧૦) અનિલ વાઘેલા (૧૧) સુનિલ રાઠોડ (૧૨) સિ. રેશ્મા
મુદ્રણ : વનિતા કોમ્પ્યુટર એન્ડ પ્રિન્ટર્સ, આણંદ. ૯૯૭૪૨૮૨૨૪૭
E-mail : vanitaprinters@gmail.com
કાર્યાલય : કેથોલિક ચર્ચ, ખંભોળજ - ૩૮૮ ૩૩૦.
જિ. આણંદ. મો. ૯૪૨૬૭ ૫૯૩૨૬


આપના સૂચનો અને પ્રતિભાવો તંત્રીને અવશ્ય લખી મોકલો, જે પ્રસિધ્ધ કરવામાં આવશે. પ્રત્યેક લેખકે પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અગાઉ ન મોકલ્યો હોય તો પોતાના લેખ સાથે અવશ્ય મોકલવો. સહકારની અપેક્ષા સાથે આભાર.

## : આપણી મા મુખપત્ર જાહેરાતના દર :

રંગીન કવર પેજ (બહારનું છેલ્લું પાન) : ૩૦૦૦/-
રંગીન કવર પેજ (અંદરની બાજુ) : ૨૫૦૦/-
આખુ પેજ (અંદરનું Black & white) : રૂપિયા ૧૦૦૦/-
અડધું પેજ (અંદરનું Black & white) : રૂપિયા ૫૦૦/-

જે શ્રધ્ધાળુ ભાઈબહેનો પરમપૂજા અર્પણ કરે છે તેમને આપણી મા સામયિક ફ્રી આપવામાં આવે છે. જાણ સારુ.

બર્થડે ઉજવણી, લગ્નની ઉજવણી, પ્રથમ ખિસ્તપ્રસાદ ગ્રહણ કરનાર ધર્મજનો માટે શ્રધ્ધાંજલિ, નાતાલ-નવા વર્ષની શુભેચ્છા, પાસ્ખા પર્વની શુભેચ્છા, દાંપત્ય જીવનની રજત જયંતિ ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી માટે 'આપણી મા' મુખપત્રમાં જાહેરાત આપો અને માની અઢળક કૃપાઓ મેળવો.

આપણી મા ત્રિમાસિક સામયિકનું વાર્ષિક લવાજમ માત્ર ૬૦ રૂપિયા છે. આપનું લવાજમ આજે જ ભરો.

પાનાં પલટાવતાં...


| | |
|---|---|
| સંદેશ- ફાધર લૉરેન્સ એ. | ૨ |
| ઉત્સવ ઉજવીએ... -તંત્રી શ્રી શૈલેષ વાણીયા | ૩ |
| શિકારની શોધમાં-અનિલ વાઘેલા | ૫ |
| અભિમાન - શૈલેષ રાઠોડ | ૭ |
| બાળમિત્ર -નવું સ્વેટર -પ્રિતી પરમાર | ૮ |
| પ્રભુ ઈસુએ અનુભવેલો પ્રેમ -રાજબંધુ જયંત પરમાર | ૯ |
| ઈસુ જયંતિ - ભારે આનંદના સમાચાર - ગાબ્રિએલ ખ્રિસ્તી | ૧૦ |
| પિતૃદિન - ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી | ૧૨ |
| હેલો જિંદગી - સંજય રોઝ્રા | ૧૩ |
| અંતરનો આક્રોશ - નગીન શાહ | ૧૪ |
| કરૂણા - ફ્રાન્સિસ ગાલુસ મેકવાન | ૧૬ |
| જીવતર લઈ ઉભો હતો - રાજેશ ચૌહાણ | ૧૭ |
| જેવા સાથે તેવા - લક્ષ્મીબેન પરમાર | ૧૯ |
| દીવો - શૈલેષ ક્રિસ્ટી | ૨૦ |
| નાતાલ - રાજેશ એમ. પરમાર | ૨૧ |
| સેવાની સરવાણી - મથુર વસાવા | ૨૨ |
| અનાથોની માતાની મળેલી કૃપાની સાક્ષી | ૨૩ |
| અનાથોની માતાનું તીર્થધામ સમાચાર | ૨૭ |
| તમારો પત્ર | ૩૧ |
| કાવ્ય વિભાગ | ૩૨ |



તમારો પત્રવ્યવહાર નીચેના ઈમેઈલ એડ્રસ પણ આપ કરી શકો છો.
E-mail : ફાધર લૉરેન્સ એ. : frlawrencea@gmail.com
Mob. 9426759326
તંત્રી : શૈલેષ વાણિયા મો. ૯૭૨૪૦ ૫૧૪૭૨
shailesh.v18174@gmail.com


ખંભોળજ ધર્મવિભાગના મુખપત્ર "આપણી મા" બાબત :

મુખપત્ર માટે ખ્રિસ્તી, સામાજિક તેમજ ધાર્મિક મુદ્દાઓની યોગ્ય છણાવટ કરતા તેમજ સામાજિક ઉન્નતિમાં મદદરૂપ થાય તેવું હકારાત્મક વલણ ધરાવતું લખાણ મોકલવું. ચર્ચ, સમાજ કે વ્યક્તિ વિરોધી વલણ ધરાવતા લેખોને પ્રાધાન્ય આપવામાં આવશે નહીં. જે તે લેખની જવાબદારી જે તે લેખકની રહેશે. મુખપત્રમાં ધંધાની જાહેરાત, શ્રધ્ધાંજલિ, કોઈપણ પ્રકારની શુભેચ્છાઓ નિયત દરે આપી શકાશે. આપણી માના પ્રકાશન કાર્ય માટે ઉદારતાથી ફાળો આપ. આપની 'અનાથોની મા' વિશેની સાક્ષી ફોટા સાથે આવકાર્ય 'આપણી મા' મુખપત્ર માત્ર ખાનગી વિતરણ માટે જ છે.

"આપણીમા"માં આવતી તમામ જાહેરાતોની વિચારસરણી સાથે "આપણીમા" બંધાયેલ નથી.

# સંદેશ

- ફાધર લૉરેન્સ એ.



**આપણું મિશન : બીજા લોકો સુધી ઈસુને પહોંચાડવા**

નવા વર્ષ ૨૦૨૦માં આપણે આભારભર્યા લાગણી સાથે પ્રભુ ઈસુ તથા માતા મરિયમને યાદ કરીએ જે આપણી આશા અને ખુશી વગરની પાપભરી દુનિયાને આનંદમાં પલટાવી નાખ્યા છે. ઈશ્વરે માતા મરિયમને એક ખાસ મિશન સોંપ્યુ હતું કે દુનિયાના જે લોકો તેમના પુત્ર ઈસુને ઓળખતા નથી, જાણતા નથી તેમના સુધી ઈસુને પ્રગટ કરવા તથા પહોંચાડવા.

માતા મરિયમ ઈસુની સાથે આપણા વાતાવરણ અને દુઃખભર્યા અંગત જીવનમાં પરિવર્તન લાવે છે. આપણે માતા મરિયમ ઉપરની ભક્તિ દ્વારા આ નવા વર્ષમાં જે લોકો ઈસુને જાણતા નથી તે લોકો સુધી ઈસુને પહોંચાડવા પ્રયત્ન કરવો જોઈએ. જ્યાં જ્યાં માતા મરિયમ ગયા હતા, ત્યાં ત્યાં ઈસુને જોડે લઈ જઈને બીજાને બતાવતા; દાખલા તરીકે એમની સગી એલિઝાબેથને મળવા ગયા ત્યારે, મંદિરમાં બાળ ઈસુને અર્પણ કરવા ગયા ત્યારે, યેરુસાલેમ મંદિરની યાત્રાએ ગયા હતા ત્યારે અને કાના ગામના લગ્નપ્રસંગે...આમ વિવિધ પ્રસંગો દ્વારા માતા મરિયમ ઈસુને લોકો આગળ પ્રગટ કરે છે.

ઈસુને બીજા લોકો સુધી લઈ જવું એટલે તેમના પ્રેમનો, દયાનો, શાંતિનો તથા ક્ષમાનો એકબીજાને અનુભવ કરાવવો. આ કામ આજની દુનિયામાં બધી જગ્યાએ અને જુદી જુદી રીતે થઈ શકે છે. આપણા કુટુંબોમાં, આપણા ગામોમાં અને આપણા કામની જગ્યાએ ઈસુને પ્રગટ કરવા પ્રયત્ન કરવો જોઈએ. જ્યાં જ્યાં દુઃખ અને અશાંતિનું વાતાવરણ હોય, તેવી જગ્યાએ ઈસુને પહોંચાડવાથી પરિવર્તન આવે છે. આજ મિશન આજે માતા મરિયમ દ્વારા ઈશ્વર તેમના સર્વ ભક્તોને સોંપે છે.

આ મિશનમાં સફળતા મેળવવા આપણે માતા મરિયમની જેમ ઈશ્વરની યોજના માટે હા પાડીને પવિત્ર જીવન જીવવાની, ચોખ્ખા હૃદયના થવાની, સેવાભાવના કેળવવાની જરૂર છે. તે માટે આપણે પ્રાર્થના દ્વારા દરરોજ ઈશ્વર અને માતા મરિયમની સાથે સંબંધોમાં રહેવું પડે છે. એટલે આ નવા વર્ષમાં આપણે બધા નિર્ણય લઈએ કે દિવસની શરૂઆત તથા અંત આપણા તથા બીજા માટે પણ એક ટુંકી પ્રાર્થનાથી શરૂ કરીએ અને પ્રાર્થનાથી જ પૂર્ણ કરીએ....

# અનાથોની માતાનું ધામ

## :: કાર્યક્રમની રૂપરેખા ::

૧૬-૧-૨૦ સાંજથી ૨૩-૧-૨૦૨૦ સુધી આધ્યાત્મિક રિટ્રીટ.
સમય : સવારે ૬ થી સાંજે ૯-૩૦ સુધી.

| | |
|---|---|
| ૨-૨-૨૦ | રવિવાર ૮-૩૦ કલાકના ખ્રિસ્તયજ્ઞમાં ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે વિશેષ પ્રાર્થના અને આશિર્વાદ. |
| ૨૩-૨-૨૦ | રવિવાર સ્નાનસંસ્કાર અને લગ્નનો આશીર્વાદ. |
| ૨૬-૨-૨૦ | ભસ્મ બુધવાર સવારે ૬-૩૦, સાંજે ૬-૦૦ કલાકે ભસ્મ લગાવવાની વિધિ, પરમપૂજા. |
| ૮-૩-૨૦ | રવિવારના રોજ આધ્યાતિમક રિટ્રીટ. (ભાઈઓ તથા બહેનો માટે) |
| ૧૫-૩-૨૦ | રવિવારના રોજ ચૌદધામ યાત્રા. |
| ૨૨-૩-૨૦ | રવિવારના રોજ આરાધના અને પ્રાયશ્ચિત સમય ૯-૩૦ થી ૪-૦૦ સુધી. બધા માટે. |
| ૨૬-૩-૨૦ | ગુરુવાર ધોરણ ૯ સુધીના બાળકો માટે આધ્યાત્મિક રિટ્રીટ. |

(પ્રથમ રવિવાર બાદ કરતા બધાજ રવિવાર ધર્મ શિક્ષણ વર્ગ રાબેતા મુજબ રહેશે.)

**સભાપુરોહિત - ફાધર લૉરેન્સ એ.**
**ખંભોળજ**

# ઉત્સવ ઉજવીએ...



તંત્રીની કલમે -શૈલેષ વાણીયા 'શૈલ'

ઉત્સવ ઉજવીએ કેવી રીતે ? આગળ વધવું. બુદ્ધિ, વાચાથી માનવ તરીકે ઉત્તમ જાતિમાં આપણો સમાવેશ એટલે મનુષ્ય. ઈશ્વર પોતે પોતાની પ્રજાનો જીર્ણોદ્ધારથી હર્ષ પામી નાચી ઉઠે છે. સ્તોત્રકાર કરે છે.

જયનાદોની વચ્ચે ઈશ્વર ગાદી પાસે જાય,
શરણાઈના સૂરે એ આરોહણ કરતો જાય

(સ્તોત્ર ૪૭ : ૫)

ઉત્સવ જીવનમાં આનંદ આપે છે. જીવનને હરિયાળુ બનાવે છે. તમે કેવા પ્રકારનો આનંદ ઈચ્છો છો ધાર્મિક, સામાજીક, સંસારી, અભ્યાસલક્ષી, લગ્ન ઉત્સવ, બર્થડે ઉત્સવ, પ્રાર્થનાસભા, સારા પરિણામો આવવાથી જીવનમાં આ બધુ આપે છે. તેની ઉજવણી પણ કરીએ છીએ. સાથે સાથે મૂળભૂત ઉત્સવને આપણે ભૂલી જઈએ છીએ. દુઃખોની પળોમાં પ્રભુ પ્રભુને પછી તમે કોણને હું કોણ આવું જીવનમાં બનતું હોય છે.

સાચો ઉત્સવ હું ખ્રિસ્તી છું તેનો હોવો જોઈએ. ધાર્મિકતામાં ડૂબોને જીવનને માણો. શારીરિક શક્તિ માટે ખોરાકની જરૂર છે તેવી જ રીતે મનની શાંતિ માટે આધ્યાત્મિકતાની જરૂર છે. એક વખત એક પુરોહિત એક કુટુંબની મુલાકાતે ગયા. વાતચીતમાં પુરોહિતે પૂછયું કેમ આપનો દિકરો દેવળમાં આવતો નથી ? મા-બાપે જવાબ આપ્યો ફાધર શું વાત કરું બિચારાને ટાઈમ જ નથી મળતો. સવારે સ્કૂલ, સાંજે ટ્યુશન, રાત્રે અભ્યાસ બોલો કેવી રીતે આવી શકે. પુરોહિત મલકાયા કંઈ બોલ્યા નહીં.

એવામાં દિકરો ઘરમાં પ્રવેશ કરે છે. પુરોહિતે પૂછયું ? બેટા શું કરે છે ? ફાધર ટ્યુશન જઈને આવ્યો. સારું બેટા રવિવારે પરમપૂજામાં ભાગ લેજે. સોરી ફાધર આ વર્ષે મારાથી નહીં અવાય, બોર્ડની પરીક્ષા આપવાની છે. ફાધર બોલ્યા વિના ચાલ્યા ગયા.

પરીક્ષા નજીક આવી પેલો બાળક બોર્ડની પરીક્ષા આપવા માટે ઘરેથી રવાના થયો રસ્તામાં તેની મોટર સાઈકલને અકસ્માત નડયો. પગમાં અને હાથમાં ઈજાઓ થઈ. દિકરાને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો. મમ્મી ચર્ચમાં જઈને પ્રાર્થના કરે છે. ફાધરને મળે છે. ફાધર મારા દિકરા માટે પ્રાર્થના કરો, તેને અકસ્માત નડયો છે. ત્યારે ફાધર પેલા બહેનને કહે છે કે, જીવનમાં અભ્યાસ ઉત્સવની સાથે પ્રભુ ઉત્સવ પણ હોવો જોઈએ. કદાચ તે પ્રાર્થના કરીને નિકળ્યો હોત તો... આમ... ન બન્યું હોત. આજે તે કુટુંબ નિયમિત પરમપૂજામાં હાજરી આપે છે. માટેજ પશ્ચાતાપ કરનાર એક પાપી માટે સ્વર્ગમાં વધારે આનંદોત્સવ થશે. (૧૫-૭) (લૂક ૧૫ અ માં)

ઉત્સવ ઉજવીએ મનુષ્ય જીવન એક ઉજવણી છે. માટે ઉત્પત્તિ ૧ : ૨૬-૩૧ માં સર્જન વિશે વર્ણવ્યું છે. ઈશ્વરે મનુષ્યની રચના ખૂબજ વિચારીને કરી છે એના ઉપર વિશ્વાસ રાખીને સૃષ્ટિનો દોર સોંપ્યો છે. તેમનું સર્જન તેમને પણ સારું લાગ્યું માટે કોઈપણ સારી પરિસ્થિતિમાં આનંદ ઉત્સવ કરવો જોઈએ.

જીવન ઉત્સવથી ભરેલું હોવું જોઈએ. સૌથી પહેલો ઉત્સવ હું ખ્રિસ્તની સાક્ષી આપી અન્યને ઈસુ તરફ દોરી લાવીશ. મારા જીવનમાં જે આનંદની ઉજવણી હું કરી રહ્યો છું તે બીજાના જીવનમાં આવે તેવી મારી પ્રાર્થના સાથે માર્ગ ચિંધીશ. પ્રભુના સાનિધ્યમાં તમે સદા આનંદમાં રહો, ફરી કહું છું કે આનંદમાં રહો. તમારી ભલમનસાઈનનો સૌને અનુભવ થવા દો. કશાની ચિંતા કરશો નહીં. (ફિલીપ્પી ૪ : ૪-૬)

પ્રભુ ઈસુ જણાવે છે કે, સાચો ઉત્સવ ભૂલીને દૂર ચાલ્યા જઈએ છીએ ત્યારે પ્રભુ કહે છે કે, સાંકડે દરવાજેથી દાખલ થવા માટે મન મૂકીને પ્રયત્ન કરજો. કારણ હું તમને કહું છું કે ઘણા અંદર દાખલ થવા ફાંફાં મારશે. પણ દાખલ થવા પામશે નહીં. (લૂક ૧૩ કલમ ૨૪) મેં તમને કહ્યું હતું કે મારા સુખોમાં સહભાગી થજો જ્યારે સુખની શોધમાં ઈશ્વરને ભૂલીને સાચો ઉત્સવ છોડી નશ્વર ઉત્સવ પાછળ દોડીએ ત્યારે ઈશ્વરના મહિમામાં ભાગીદાર થવાના નથી. માટેજ લૂકના ૧૩ માં અ. ૩૦ મી કલમમાં કહે છે કે જોજો કેટલાક છેલ્લા છે તે પહેલા થશે અને પહેલા છે તે છેલ્લા થશે. આ છે પ્રભુનો ઉત્સવ.

તા. ૨૫-૮-૨૦૧૯ સા. કાળનો ૨૧મો રવિવારના રોજ બોધમાં એક ધર્મગુરુ ખૂબજ સુંદર દ્રષ્ટાંતો દ્વારા ત્રણેય સંદેશોને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ ક્ષણે એ વાર્તા મને અહીંયાં ટાંકવાનું મન થાય છે. ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ કોણ પામશે તેના વિશે તેઓ ખૂબજ બારીકાઈથી સમજાવે છે. કર્મથીજ

સ્વર્ગને નર્ક મળે છે. ઉત્સવોથી જીવન. વાત સાચી છે. આગળ જણાવ્યા મુજબ ઉત્સવ બે પ્રકારના છે. સારા અને ખરાબ ઉત્સવ માણસ ઉજવતો હોય છે. મરણ પ્રસંગે લગ્નના ગીતો ન ગવાય તે વાત તો સાવ સાચી છે. એક પ્રસંગનું વર્ણન કરું છું. એક ગામ હતું ગામમાં એક ગર્ભસિંમત માણસ રહેતો હતો. તેની પાસે જર,ઝવેરાત, ગાડી, બંગલો, માન, મોભો પૈસે ટકે સુકી. તેને ત્રણ દિકરા, એક દિકરી. પેલા માણસને જીવનમાં ઉત્સવ જ ઉત્સવ. રાત દિવસ નોકર ચાકર તેની સેવા કરે.

સાથે પોતાના પુત્રને પુત્રવધુ પણ તેમની સેવામાં મગ્ન. ત્રણેય દિકરા વારાફરતી બાપને કહે કે બાપુ હું તમારા સાચો દિકરો છું. હું તમને બહું પ્રેમ કરું છું. આમ વારાફરતી ત્રણેય દિકરા બાપને આવીને કહેતા હતા. છેલ્લો દિકરો કહે બાપુ હું તમને મારા જીવથી પણ વધારે ચાહું છું, પપ્પા મનોમન હસતા.

તેઓ વિચારતા કે મારા દિકરાઓની કસોટી કેવી રીતે કરવી કે મને વધારે કોણ ચાહે છે ? દેહ છોડવાનો અંતિમ સમય આવ્યો એટલે પેલા ધનવાન માણસે પોતાના મિત્રને બોલ્યો ને કહ્યું કે, મારી મિલ્કત તને યોગ્ય લાગે તેને આપજે. થોડા સમય પછી તેઓ મરણ પામ્યા.

શ્રીમંત માણસ મરણ પામ્યો મરણોત્તર પ્રસંગ આવ્યો. આવેલ ઉત્સવ કાઢવો તો પડે ઘરમાં રડવાનું ચાલતું હતું. બાપને કબ્રસ્તાને લઈ જવાની વાતો થતી હતી. એવામાં એક માણસ આવ્યો ને બોલ્યો આ માણસની અંતિમ વિધિ કરવાની નથી, કારણકે તેણે મારી પાસેથી રૂા. વીસ લાખ લીધા હતા. ભલે તેની લાશ અહીંયા પડી રહેતી. આ સાંભળીને બધા ચૂપ થઈ ગયા. ઘરમાંથી રડવાનો અવાજ આવતો હતો.

પેલા ભાઈની બૂમ સાંભળતાં ઘરની બાઈ ચૂપ થઈ ગઈ. ત્રણમાંથી એકપણ દિકરો કશું બોલ્યો નહીં. ડ્રામા લગભગ એક દોઢ કલાક ચાલ્યો. રાત થવા આવી હતી. કરવું શું તે સમજાતું નહતું. દિકરીના કાને વાત ગઈ. પોતાના ઘરેણા ઉતારીને પેલા માણસના હાથોમાં પોટલું બાંધીને આપ્યા. અને કહ્યું કે મારા વડિલ જો આપના પૈસા પૂરતા ન થતા હોય તો મારી સાસરીમાંથી મંગાવી આપીશ. તરતજ પેલો માણસ બોલ્યો બેટા હું તો તારા પપ્પાનો ભાઈબંધ છું. હું કસોટી કરવા માંગતો હતો. તારા પપ્પાની બધી સંપત્તિ તારા ખાતે જાય છે. આવેલ ઉત્સવ પૂર્ણ કરો. માટેજ મારા વ્હાલા વાંચકમિત્રો ઉત્સવ આપણેજ ઉજવવાનો છે કેવી રીતે, ક્યાં સ્થળે, કેવા પ્રકારે. આજથી, અત્યારથી નક્કી કરી લો.

ખ્રિસ્ત તરીકે મળેલ ઉત્સવ પડકારરૂપ છે. ભરપટ્ટે મળ્યો ભરપટ્ટે આપો. લ્હાણી કરો, આગળ વધો, અન્ય જીવન કરતાં અદ્ભૂત જીવન છે. સંસારના મોહમાંથી બહાર આવો, દરેકને ઉત્સવ ઉજવવા પ્રેરણા આપો. આગળ વધવા આમંત્રણ આપો. નક્કી કરો કે હવે પાછળ વળીને જોશો નહીં. આવનાર વર્ષ દરેકના દિલો-દિમાગ, ઘર-કુટુંબ, સમાજમાં નવો પ્રકાશ લઈને આવે બાળઈસુ આપણા હૃદયમાં રાજ કરે,

**સર્વને નવાવર્ષની પ્રેમી સલામ.**

---

(પાન નં. ૯ નું ચાલુ...) પ્રભુ ઈસુએ...

ત્યારે યહુદીઓ ઈસુનો કટાક્ષ પણ કરે છે. જુઓ એમના પર કેટલો બધો પ્રેમ છે ! ઈસુના મૃત્યુના થોડા દિવસ પહેલાં યેરુસાલેમને રસ્તે ઈસુ બેથનિયા પહોંચ્યા ત્યાં તેમના મિત્રે ગોઠવેલા ભોજન સમારંભમાં ત્રણેય ભાઈ બહેન લાઝરસ, મારીયા, માર્થાના ગહન પ્રેમનો અનુભવ કર્યો, ઈસુના નીકટના મિત્રોમાં મગ્દલાનાની મરિયમ હતા. તે બંને વચ્ચેનો પ્રેમ અજોડ હતો.

ઈસુના માટે મગ્દલાની મરિયમ, મરિયમ માતા બાદ ઈસુના જાહેર જીવનથી શરૂઆતથી ઈસુના ક્રૂસ પરના મૃત્યુ તથા દફન સુધી મગ્દલાની મરિયમ ઈસુના પડખે રહ્યાં હતા. ઈસુના બીજા શિષ્યો ભાગી ગયા હતા. ત્યાં મા મરિયમ સાથે મગ્દલાના મરિયમ ક્રૂસ પાસે ઉભા હતા. ત્યાર બાદ વિશ્રામવાર પછી યોહાન નોંધે છે કે, અઠવાડિયાના પહેલા દિવસે વહેલી સવારમાં થોડું અંધારું હતું ત્યાં જ મગ્દલાની મરિયમ કબર આગળ આવીને જુએ છે તો કબર ખાલી હતી.

મરિયમ કબર આગળ રડતાં હતા ત્યાં પુનરુત્થાન પામેલા ઈસુએ મરિયમને દર્શન દીધાં. પોતાના પુનરજીવનની વાત શિષ્યોને પહોંચાડવાની જવાબદારી મરિયમને સોંપી. એટલે બાઈબલના પંડિતો મગ્દલાની મરિયમને તે પ્રેષિતોના પ્રેષિત કહીને ઓળખાવે છે. ઈસુએ, અનુભવેલા માનવ પ્રેમમાં આલ્બર્ટ તોલન કહે છે કે, ઈસુ ઉપર સૌથી વધારે પ્રભાવ પાડનાર પ્રેમ એમના જનેતા મરિયમનો પ્રેમ છે. ઈસુએ ઈશ્વરપિતાનો પ્રેમ અબ્બા વ્હાલસોયા પિતાજી શબ્દથી પ્રગટ કર્યો છે.



# શિકારની શોધમાં

-અનિલ વાઘેલા, નડિયાદ

ક્ષ શિકારની શોધમાં હતો. આખો દિવસ રઝળપાટ કરી કરીને થાક્યો પણ ક્યાંય જગ્યા મળી નહીં, જો કોઈ એકાદુ જણ હાથ લાગી ગયું હોત તો પોતાના જડબા પહોળા કરીને ફરસી દેવા દાંત ભરાવી ભક્ષ્ય બનાવી દીધો હોત.

એમ તો એના ઘણા બંધા સાથીઓ પણ આવા આહારની શોધમાં હતા. આબાઓની એક આખી જમાત હતી. કૂતરાં હવામાં ડોકા લંબાવી રૂદ્ર રૂદન કરતાં ત્યારે આ જમાત પાશવી આનંદ કરતી. જ્યાં જ્યાં સૃષ્ટિમાં કલરવ માલમ પડે. જ્યાં જ્યાં આનંદની મહેફીલો જામી હોય, જ્યાં પંખીઓ મધુરા ગાન કરતાં હોય ત્યારે આ ટોળી રૂદન કરતી. એમને સર્વત્ર ભેંકાર વર્તાતો અને ભાવિ નિરાશાજનક લાગતું. એમને ગમતો કાળો અંધકાર, શિયાળ ને વરુઓની લાળીને ઘૂવડનું મૌન.

ક્ષ આ ટોળીનો સભ્ય હતો ને આમજ દિનરાત એક કરીને હવામાં ભટક્યા કરતો, પણ એવી કોઈ જગા તે શોધી શકતો નહોતો.

ક્ષ તથા તેના બીજા સાથીદારો દિવસોના રઝળપાટ પછી પણ કોઈ રીતે ફાવતા નહતા, એટલે તેઓએ સામૂહિક તાકાત ભેગી કરીને પ્રયત્નો કરવાનું નક્કી કર્યું. એક નિર્જન જગ્યાએ મધ્ય રાત્રીએ તેઓ મળ્યા. ટોળામાં હા...હા...હા... ને ખી... ખી..ખી... ના અવાજો શરૂ થયા. એક બુઝુર્ગ બોલ્યા આપણે એકલવાયા અમથા આટલા દિવસા રખડયા પણ ફાવ્યા નહિ, આતો જ્યાં જઈએ છીએ ત્યાં આનંદ અને ઉત્સાહ જોવા મળે છે. એટલે આપણે નિષ્ફળ જઈએ છીએ. આપણે એવા રસ્તો શોધવો પડશે જ્યાં પગપેસારો કરી કુસંપ ઉત્પન્ન કરી શકીએ. આપણે છાનામાના કોઈ ઘરમાં ઘૂસી જઈએ, કોઈ અલમારીમાં, કોઈ માળિયા પર તો કોઈ પલંગ નીચે એમ છુપાઈ જઈએ ને મોકો શોધતા રહીએ. પછી એક સાથે છાપો મારીએ.

એક અંધારિયા વૃક્ષ પર બેઠેલી ચિબરીએ પડઘો પાડયો. હૈયાવરાળ કાઢી સાલી ઓ તે કંઈ જિંદગી છે ? કોઈ મનોરંજન નહીં, કોઈ પ્રવૃત્તિ નહી ને હવામાં ભટકતા રહેવાનું. મનુષ્ય હતા ત્યારે તો ઘણી પ્રવૃત્તિ રહેતી ને આતો કોઈ વેરાઈટી જ ન મળે. કમસે કમ ક્યાંયે ઝઘડો બઘડો થાય તોય જોવાની મઝા આવે. આલ્યા જીવતાંતા ત્યારે પાણી ઢોળવાનાય ઝઘડા કરતાંતા !

બીજો બોલ્યો : આપણે એટલા નિષ્ક્રિય થઈ ગયા છીએ, બાકી આપણે જ ઝઘડા ઉભા કરાવતા હોય, એની મેળે કંઈ થોડા થવાના ?

ત્રીજો : હવે રહેવા દેને ડહાપણ ? તે દહાડે બાગમાં એક દંપતિ પ્રેમમાં તરબોળ હતું ત્યારે તો તું ટગર ટગર જોઈ રહ્યો હતો. શું કર્યુંતું તે એમાં ? એમને પ્રેમ નહોતો કરવા દીધો ? તે સ્હેજ જ ચારિત્ર્યની શંકાનો કીડો નાખ્યો હોત તો પેલો એને ત્યાંજ પુછીને ના ભાગી ગયો હોત હોત ?

હા સાચુ, એ તો હું ભૂલી જ ગયેલો. સાલુ હુંય એમનો અગાધ પ્રેમ જોઈને પાછો પડયો તો.

ટોળુ ઉડતુ ઉડતુ જતું હતું. નીચે નજર કરતા એક જગ્યાએ તોરણ બંદાતા હતા ને શેરીઓ શણગારાતી હતી, યુવાનોને યુવતિઓ હર્ષમાં હતી. તેમણે ગતિ ઓછી કરી ઝીણી નજર કરી નિરીક્ષણ કર્યું. ચાલો જોઈએ તો ખરા શાનું છે આ કૌતુક ? તેમણે નીચે ઉતરાણ કુર્યં ને ધ્યાનથી જોયા કર્યું. લાગતું હતું કે કોઈ તહેવારની ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે. તેમને સમજાઈ ગયું કે નજીકમાં જ નાતાલ આવી રહી છે.

શર્મિલા ને ભાવેશ એક વર્ષથી પરણ્યા હતાં બંને વચ્ચે અગાધ પ્રેમ હતો. દર અઠવાડિયે એકાદ પિકચર જુએ ને દરરોજ સાંજે એકબીજાનો હાથ પકડીને ફરવા જતા. ઘણાંને એ પ્રેમી યુગલ જોઈને ઈર્ષ્યા પણ થતી. ભાવેશ બેંકમાં નોકરી કરતો હતો ને શર્મિલા ગૃહકાર્યમાં પ્રવૃત્ત રહેતી.

શર્મિલાને તો તેમના આગમનથી આનંદ થયો શીલા ઘણા સમયથી શર્મિલાના ઘરની મુલાકાત લેવાનું ઈચ્છતી હતી એટલે આજે સમય કાઢીને તે પતિ સાથે આવી. ભાવેશના મુખ પર કંટાળાનો ભાવ તરવરવા લાગ્યો. તે વાતમાં સુર પુરાવતો પણ ઘડી ઘડી ઘડિયાળ સામે જોઈ લેતો. ક્યારે આ મુલાકાત પુરી થાય એનીજ રાહ જોઈ રહ્યો હતો. શર્મિલાતો જાણે બધું ભૂલીને વર્ષો સુધી વાતો જ કરવાની હોય તેમ વાતે વળગી હતી.

ભાવેશ કંટાળ્યો હતો. આ વાતો હવે પુરી થવાની નથી, આ લોકો આ ક્યાંથી ટપકી પડયા ? ભાવેશની સહનશીલતાની હવે હદ આવી ગઈ.

ભાવેશ ક્રોધથી ધૂંધવાઈ ઉઠયો. તેણે નિરીક્ષણ કર્યું કે

મહેશ પણ વાતોમાં સામેલ થયો હતો ને શર્મિલા પણ મહેશ સાથે વાતોએ વળગી હતી. તેણે શર્મિલાને યાદ દેવડાવ્યું, શર્મિલા આપણે બહાર જવાનું નથી ? પછી ટાઇમ થઈ જશે ? શર્મિલા - જવાશે, શી ઉતાવળ છે ?

શીલા-મહેશ સમજી ગયા કે ભાવેશભાઈ કંટાળ્યા છે, તેથી તેમણે ઉઠવાનું કર્યું, ને બોલ્યા તમે ક્યારે આવો છો બોલો ?

હા, ચોક્કસ આવીશું. શર્મિલા બોલી. ને શીલા -મહેશ વિદાય થયા.

ધૂંધવાઈ ઉઠેલો ભાવેશ બોલ્યો ખબર નથી પડતી ટાઇમની ?

શર્મિલા - પણ આવનારનો ખ્યાલ તો રાખવો જોઈએ ને ?

ભાવેશ - તને આ ખોટી ટેવ પડી ગઈ છે, આટલું બધું ઉભરાઈ જવાનું હોય નહીં.

શર્મિલા - આમાં હું શું ઉભરાઈ ગઈ ? કોઈ આવે તો એમની સાથે વાતો ન થાય ?

ભાવેશ - નહિ મારા ઘરમાં આ નહિ ચાલે, હું કંટાળ્યો છું હવે.

શર્મિલા - તે લો ને હવે કોઈની સાથે વાતો નહિ કરૂં. પણ તમે આ લોકોનું અપમાન કર્યું તે સારું કર્યું ના કહેવાય.

ભાવેશ - શાનું અપમાન એ લોકો વાર તહેવાર જોતા નથી ને ટપકી પડે છે.

બહાર વાતાવરણ આનંદિત હતું ને હર્ષની છોળો ઉડતી હતી, ત્યારે આ દાંપત્યમાં અભિશાપ ઉતર્યો હતો.

બીજા દિવસે ઘરમાં અવ્યવસ્થા ને અવ્યવસ્થા અને અશિસ્તે સ્થાન લીધું. ભાવેશનો ગુસ્સો હજુ શમ્યો નહોતો. સવારના પહોરમાં જ એક ભિખારી આવ્યો. શર્મિલા એને આપવા માટે પૈસા લેવા લાગી તો ભાવેશે તેને સંભળાવી દીધું તારી પાસે હોય તો આપ, ઘરમાંથી લેવાના નથી.

શર્મિલાનું સ્ત્રીત્વ ઘવાયું. જ્યાં સ્ત્રીને કોઈ અધિકાર ન હોય એ સ્વતંત્રતા છે ?

ઘવાયેલી શર્મિલા બહાર જવા તૈયારી કરવા લાગી.

ભાવેશ - ક્યાં જાય છે ?

શર્મિલા - પિતાના ઘેર.

ભાવેશ - મને પૂછયા વગર ? ને તેણે શર્મિલાના ગાલ પર જોરથી લાફો લગાવી દીધો.

શર્મિલા ધૂંધવાઈ ઉઠી તેણે તાત્કાલિક નિર્ણય બદલ્યો. દેવળમાં જઉ છું. તેણે મનોમન ફાધરને મળવાનું નક્કી કર્યું.

તેણે ફાધરને બધી વાત કરી.

ફાધર આવ્યા. સાથે શર્મિલા પણ હતી. ભાવેશે કૃત્રિમ હાસ્યથી ફાધરનું સ્વાગત કર્યું.

પેલો ઓટલા પર બેઠો બેઠો ધુવાપુવાં થઈ ગયો. મહાપરાણે આવેલી તક સરી જતી જોઈ તે નિરાશ બની ગયો.

ફાધરે મીણબત્તી જલાવી પણ વાયુના એક ઝોંકે તે હોલવાઈ ગઈ. ફાધરનું અગોચર મન આ સંકેત સમજી ગયું. તેમણે હાથમાં ક્રોસ લીધો ને પવિત્ર પાણીનો પ્યાલો લઈ ઘરની એકેએક વસ્તુ પર અંજલી કરી. બાઈબલ વાંચીને પ્રાર્થના કરી. બાળ ઈસુ તમને અવશ્ય પ્રેમ, શાંતિ અને શક્તિ આપશે.

પેલો ચુપચાપ પલાયન થઈ ગયો.

ભાવેશ અને શર્મિલા ભેટી પડયા. ને નાતાલનો ચીરસ્મણીય આનંદ તેમના ઉરમાં વ્યાપી વળ્યો.

## ખાસ નોંધ

વ્હાલા ગ્રાહક મિત્રોને જણાવવાનું કે

ચાલું વર્ષનું લવાજમ 'આપણી મા'નું પૂર્ણ થતું

હોવાથી આપનું મેગેઝીન બંધ ન થાય

તે માટે લવાજમના નાણાં ચર્ચ ઓફિસમાં

તમારા સ્વયં સેવકને જમા કરાવવા

નમ્ર અરજ છે.

**લિ. સભા પુરોહિત ફાધર લોરેન્સ એ.**

**'તંત્રીશ્રી આપણી મા'**

ખંભોળજ



# અભિમાન

-શૈલેષ રાઠોડ 'અભિધેય'

કહેવાય છે કે માનવી જેટલો નાનો તેટલો અહંકાર મોટો. મોટો અહંકાર એ એવા મોટા વાસણ જેવો છે કે જેમાં છિદ્રો હોય છે. અહંકાર એ આંખમાં પડેલા કણાની જેવો છે. જ્યાં સુધી એ કણો દૂર ન થાય ત્યાં સુધી આપણે કંઈ સ્પષ્ટ રીતે જોઈ શકીએ નહીં. તેથી અહંકારને દૂર કરો અને નિહાળો દુનિયાને... દુનિયા મજાની લાગશે.

આપણે પ્રકાશ ફેલાવવાનું કામ કરવાનું છે અને તે પણ અભિમાન ત્યજીને... ! ઈસુએ કહ્યું હતું કે, તમારો પ્રકાશ લોકો આગળ પડવા દો. જેથી તેઓ તમારા સારાં કૃત્યો જોઈને તમારા પરમપિતનાં યશોગાન ગાય.

માત્રને માત્ર પ્રતિષ્ઠા માટે દોડતા મનુષ્યો ઈશ્વરનો સાચો આશીર્વાદ મેળવતા નથી. ઈસુ ખ્રિસ્ત આપણને ચેતવતા કહે છે : હું તમને ચેતવું છું કે લોકોની નજરે ચડવા માટે તેમના દેખતાં ધર્મકાર્યો કરશો નહીં. નહીં તો તમારા પરમપિતા તરફથી તમને બદલો નહીં મળે. એટલે જ્યારે તું કંઈ દાનધર્મ કરે ત્યારે દાંઇભકો, લોકોની વાહવાહ મેળવવા માટે સભાગૃહોમાં અને શેરીઓમાં ઢોલ પીટિ છે તેવો તું પીટીસ નહિ. હું તમને ખાતરીથી કહું છું કે તેમને તેમનો બદલો ક્યારનો મળી ચુક્યો છે ! પણ જ્યારે તું દાનધર્મ કરવા બેસે ત્યારે તારો જમણો હાત શું કરે છે એની જાણ તારા ડાબા હાથને થવા ન દઈશ. આમાં તારા ડાબા હાથને થવા ન દઈશ. આમાં તારા દાનધર્મ ગુપ્ત રહેશે અને ગુપ્ત કર્મોને જાણનાર તારા પરમપિતા તને બદલો આપશે.

અભિમાન ક્યારેય કાયમ રહેતું નથી. મીણબત્તી વારંવાર બુઝાઈ શકે છે. પરંતુ અગરબત્તી ધીરજથી સતત સુવાસ આપતી રહે છે. દાન ધર્મ જ નહિ જીવનના પ્રત્યેક કર્મને સરળ અને પ્રેમાળ બનાવીએ... મજા આવશે. આપણે સૌને ગમીશું... અને સહુ આપણને ગમશે.

એક ઓડામાં મીણબત્તીનો પ્રકાશ ફેલાઈ રહ્યો હતો. એક ખૂણામાં અગરબત્તી ચૂપચાપ સળગી રહી હતી. અગરબત્તીને જોઈને મીણબત્તીને અભિમાન થયું... તેણે તિરસ્કારપૂર્વક અગરબત્તીને કહ્યું, જો હું કેટલી ભાગ્યશાળી છું.... ચારે તરફ મારો પ્રકાશ કેવો ફેલાઈ રહ્યો છે, બધાની નજર મારી સામે જ રહે છે.

અગરબત્તીએ નમ્રતાથી કહ્યું, બહેન તારી વાત સાચી પણ મુશ્કેલીના સમયે સાહસપૂર્વક ટકી રહેવું પણ જરૂરી છે. સાચી પરીક્ષા મુશ્કેલીમાં જ હતી... એટલામાં પવનનો સપાટો આવ્યો અને એક જ ઝપાટામાં મીણબત્તી બુઝાઈ ગઈ. પરંતુ અગરબત્તી હજુ પણ સળગતી હતી. તેણે પોતાની પ્રખરતા વધારી દીધી અને વધુ તીવ્રતાથી તેની સુવાસ ચોતરફ પ્રસરી ગઈ.

હજુ સુધી મૌન રહેલા ઓરડાના અવકાશે હવે કહ્યું, "હવાનો સપાટો જેના અસ્તિત્વને ખતમ કરી દે એવી ચમક શું કામની ?"

અભિમાન કરતાં માનવીનું પતન નિશ્ચિત છે. પોતાની પાસે જે શક્તિ હોય તેનો અહંકાર ક્યારેય કરવો નહીં.

*Happy Christmas &*
*Happy New Year*


# માનતા માટેની મીણબત્તી

આનંદ સાથે જણાવવાનું કે આપના માટે ચર્ચ દ્વારા અભિષિક્ત થયેલ મીણબત્તી ફક્ત એક મીણબત્તીના ૫ રૂ. એક કીલોના ૨૫૦ રૂ. (૫૪ મીણબત્તી). ચર્ચ વેદિ ઉપર વપરાતી જાડી મીણબત્તી અને લાંબા સમય સુધી ચાલે તેવી મીણબત્તીઓ પણ ઉપલબ્ધ છે. કીલોના ૨૫૦ રૂ. (નંગ ૧૮ મીણબત્તીઓ)

**: સંપર્ક :**
**ચર્ચ ઓફિસ, ખંભોળજ.**



# બાળમિત્ર - નવું સ્વેટર

-પ્રિતી પરમાર, ખંભોળજ

વ્હાલા બાળમિત્રો ચોમાસુ પૂર્ણ થતા શિયાળાની શરૂઆત થઈ ગઈ. થોડી થોડી ઠંડી પડવા લાગી. ઠંડીથી બચવા ગરમ કપડાં અલમારીમાં, કબાટમાં, તીજોરીમાંથી કાઢવા પડે. ન હોય તો કદાચ બજારમાંથી લેવા પડે વાત સાચી છે.

અહીંયા માનો પ્રસંગ ટાંકવાનું મન થાય છે. મમ્મી કહે, જો બેટા કેવિન, આજે ઠંડી વધારે છે માટે સ્કૂલમાં ધ્યાન રાખજે. બહાર નીકળતો નહી. હાથપગ પલાળતો નહીં ધ્યાન રાખજે. માતા સુચના આપતી હતી પરંતુ કેવિનનું ધ્યાન બીજે હતું જાણે વિમાસણમાં ન હોય, તેનું મોં ચઢી ગયું હતું. રાત્રે તેના પિતા દ્વારા આપવામાં આવેલ ઠપકો તેના મન, મગજમાંથી જતો નહતો. પિતા તેની ભલાઈ માટે કહેતા હતા તે વાતને બાર કલાક વિતિ ગયા છતાં કેવિનનું ધ્યાન માતાની વાત તરફ નહતું.

મેં તને કહ્યું કે આવતા શિયાળામાં તને નવું સ્વેટર લાવી આપીશ. તે બાબતને લઈને તેનું મો ચઢી ગયું હતું. સ્કૂલ તરફ જતા બજારમાં તેની નજર નવા સ્વેટર ઉપર પડી હતી તેને ખાત્રી હતી કે મારા પપ્પા મને તે લઈ આપશે. તેના મિત્ર આગળ વટ પાડવા તે માંગતો હતો પરંતુ પપ્પાએ ઘસીને ના પાડતા ભાઈ સાહેબનો તોબડો ચઢી ગયો.

ગુસ્સામાંને ગુસ્સામાં શાળા તરફ જવા નીકળ્યો. મમ્મી ઉતાવળમાં હોવાથી દરવાજા સુધી મુકવા આવી નહીં. રાત્રે પપ્પાની વાત સવારે મમ્મી આવી નહીં. ભાઈ બસ સુધી ચાલતા ચાલતા જતા હતા. રસ્તામાં ઠંડી ગુલાબી ગુલાબી લાગતી હતી. અચાનક તેની નજર ચ્હાની દુકાન ઉપર પડી. ત્યાં હાથમાં કીટલી લઈને એક તેના જેવો, તેની ઉંમરનો બાળક ચ્હા લઈને ઘરાકને આપતો હતો. ઠંડીથી તે પણ ધ્રુજી રહ્યો હતો, તેને જોઈને કેવિન વિચારવા લાગ્યો તેના પપ્પા પણ મારા પપ્પા જેવા હશે, બિચારાને સ્વેટર પણ નથી આપતા.

દૃશ્ય જોયા બાદ કેવિન તેને મળવા માગતો હતો, સ્કૂલમાં જવાની ઉતાવળને લઈને તે શાળાએ ગયો. રાત્રીની વાત, સવારે મમ્મી દરવાજે ન આવી, ચ્હાવાળા મિત્ર આ બધું તેના મનમાંથી જતું નહતું. સ્કૂલ છૂટયા પછી કેવિન પેલા ચ્હાવાળા છોકરાને મળવા ગયો. તેણે કહ્યું, મારા પપ્પા જેવા તારા પપ્પા છે. ત્યારે પેલા છોકરાએ કહ્યું મારી વાત સાંભળ તારા પપ્પા સારા છે મારે તો પપ્પાજ નથી. હું ચ્હા વેચીને જે પૈસા આવે તેમાંથી મારી મમ્મીની દવા તથા ઘરનું ભરણપોષણ કરું છું. વાત સાંભળી દબદબી આંખે કેવિન ચાલતો થયો.

રાત્રે ઘરે મમ્મી -પપ્પા સાથે વાત ન કરી, ખાધુ ન ખાધુને સુઈ ગયો. બીજા દિવસે સન્ડે સ્કૂલમાં રજા પરંતુ ચર્ચમાં બીજો ને ચોથો રવિવાર. ધર્મ શિક્ષણના વર્ગ ચાલતા હોવાથી કેવિન ધર્મશિક્ષણના વર્ગમાં ગયો.

સિસ્ટર બાળ ઈસુની વાત કરતા હતા. તે સમયમાં પ્રભુ કળકળતી ઠંડીમાં ખુલ્લી ગભાણમાં જન્મ લે છે. અસંખ્ય દુઃખ વેંઠે છે, પોતે રાજા હોવા છતાં મહેલ કે ભભકાદાર પોષાકની વાત મમ્મી-પપ્પા આગળ કરતા નથી, જે મળે તે ખાય લે છે. વ્હાલા બાળકો બાળ ઈસુ આપણે બધાને ચાહે છે. તેમના જીવનમાંથી આપણે બોધ પાઠ લેવો જોઈએ. જે વાત કેવિનને બે દિવસથી સતાવતી હતી, તેનો જવાબ તેને મળી ગયો. ધર્મ શિક્ષણના વર્ગ પૂર્ણ થયા પછી પોતાના ઘરે ગયો, મમ્મી-પપ્પાને પગે લાગ્યો ને કહેવા લાગ્યો મને માફ કરો મારી ભૂલ મને સમજાઈ ગઈ છે.

બાળ મિત્રો ધર્મ શિક્ષણના વર્ગમાં અવશ્ય હાજરી આપો. આપણને મુંઝવતા પ્રશ્નનો ઉત્તર ઈસુ બાપ આપણને અવશ્ય આપશે. હંમેશા પ્રાર્થના કરો, મા-બાપ, વડિલોને માન આપો, અભ્યાસમાં ધ્યાન આપો એજ આપની ફરજ. ઓટોમેટીક તમને નાતાલની ભેટ તમારા પપ્પા તરફથી મળી જશે.

## નાતાલની સોનેરી સલામ



# પ્રભુ ઈસુએ અનુભવેલો પ્રેમ

-'રાજબંધુ' જયંત એમ. પરમાર, વડોદરા

બાળઈસુના આગમનની ઘડીઓ ગણાઈ રહી છે. ૨૫મી ડિસેમ્બર ૨૦૧૯ના દિને ખ્રિસ્તજયંતી સમગ્ર વિશ્વમાં ઉજવાશે. બાળ ઈસુનો જન્મ એટલે પ્રેમનો જન્મ. આપણી પાસે સૌથી વધુ મૂલ્યવાન વસ્તુ હોય તો તે પ્રભુ ઈસુનો પ્રેમ છે. ઈસુ સાથેની મૈત્રી છે. એ છે પરમધામે લઈ જતી કેડી. આધ્યાત્મિક સંપત્તિ છે. શુદ્ધ અને સાત્વીક અને પવિત્ર છે. દોસ્ત એક વાત સતત યાદ રાખજો કે, વિશ્વનો એકમાત્ર ધર્મ પ્રેમ છે.

પ્રેમ અંગેનું પ્રભુ ઈસુનું શિક્ષણ અજોડ છે, વેરીઓ પર પ્રેમ રાખવાનું શિક્ષણ સૌ પ્રથમ પ્રભુ ઈસુએ આપણને આપ્યું. ઈસુના સમય સુધી લોકો દુશ્મનોને ધિક્કારતા હતા, દુશ્મનોનો બદલો લેવાની પ્રથા હતી. બાઈબલના જૂના કરારમાં હિંસા કાર્ય વિશેના નિયમો હતા. મહાપ્રસ્થાન ગ્રથંમાં અધ્યાય ૨૧:૨૩-૨૫ માં આનું વર્ણન છે.

પ્રભુ ઈસુ યહુદી હતા. એટલે તેમના શ્રોતાજનો બદલાની ભાવનાથી વાકેફ હતા. તેથી પ્રભુ ઈસુ બદલો લેવાની વાતનો ઉલ્લેખ કરતાં અને સમજાવતાં કહે છે કે, હું તમને કહું છું કે તમારું બુરું કરનારનો સામનો કરવો નહીં. બલકે જો કોઈ તારા જમણા ગાલ પર તમાચો મારે તો તેની આગળ ડાબો ગાલ ધરજો. (માથ્થી ૫-૩૯) ઈસુ આગળ બોલ્યા. તારા મિત્ર ઉપર પ્રેમ રાખ, તેનાં કરતાં તમારા શત્રુ ઉપર પ્રેમ રાખો અને તમને રજાડનાર માટે દુઆ માગો. (માથ્થી ૫:૪૩-૪૪) આ હતો પ્રભુ ઈસુનો અનોખો, અજોડ સ્વયમભૂ અનુભવ.

દરેક માનવ-બાળકની જેમ બાળ ઈસુને પ્રેમનો પ્રથમ અનુભવ એમના માતા મરિયમ પાસેથી મળ્યો છે. મરિયમને ઈસુની માતા બનવાની હાકલ મળી તે પહેલા તેઓ પેલેસ્ટાઈનના ગાલીલ પ્રાંતના નાસરેથ ગામની સામાન્ય કન્યાને આ કન્યા એક ભક્તિપરાયણ કુટુંબમાં જન્મેલી. ઈશ્વરની કૃપાપાત્ર કુમારિકા નહોતી છઠ્ઠે મહિને ઈશ્વરે દેવદૂત ગ્રાબિયેલને ગાલીલ પ્રાંતના નાસરેથ નામના ગામમાં એક કન્યા પાસે મોકલ્યો, કન્યાનું નામ મરિયમ હતું.

તેના વિવાહ દાવિદના વંશજ યોસેફ નામના માણસ સાથે થયા હતા. દેવદૂતે તેની પાસે અંદર જઈને કહ્યું, પ્રણામ, તારી ઉપર પ્રભુની કૃપા ઉતરી છે. પ્રભુ તારી સાથે છે, આ વચન સાંભળીને મરિયમ ક્ષોભ પામ્યાં અને વિચાર કરવા લાગ્યા કે આ તે કેવા પ્રકારના પ્રણામ ! ત્યારે દેવદૂતે તેમને કહ્યું કે, ગભરાઈશ નહીં, મરિયમ ! કારણ ઈશ્વર તારા ઉપર પ્રસન્ન થયા છે. જો, તને ગર્ભ રહેશે અને એક પુત્ર અવતરશે, તેનું નામ તું ઈસુ રાખજે. (લૂક ૧ :૨૬-૩૧)

મરિયમને દેવદૂત ગાબ્રિયેલની વાતની ગતાગમ ન પડી, પણ જ્યારે દેવદૂત મરિયમના પ્રશ્નો જવાબ વાળીને એમની શંકાકુશંકાઓ દૂર કરી ત્યારે મરિયમે કહ્યું હું તો ઈશ્વરની દાસી છું. તારી વાણી મારા વિશે સાચી પડો. (લૂક ૧:૩૮) માતા મરિયમે આમ પોતાના ગર્ભમાં ઈસુને ધારણ કર્યો તેમજ ક્ષણથી ખૂબ પ્રેમ અને સમર્પણ ભાવથી ઈસુનું લાલન-પાલન કરવા માડ્યું.

ઈસુના જન્મના આઠ દિવસ પછી યહુદી ધર્મના રીતરિવાજ પ્રમાણે બાલ ઈસુને એમના મા-બાપ યરુસાલેમ લઈ આવ્યાં, કારણ પ્રભુની ધર્મસંહિતામાં લખ્યું છે કે, પ્રથમ જન્મેલા દરેક પુત્ર પ્રભુને સમર્પણ કરવો. (માથ્થી ૨:૨૩)

પોતાના રાજસિંહાસન છીનવી શકે એવા બાળકનો જન્મ થયો એવી વાત જાણીને રાજા હેરોદ બેથલેહેમનાં બે વર્ષના અને તેથી નાના બધા બાળકોને મારી નાખવાનો હુકમ કર્યો એ વાતની જાણ થતાં મરિયમ અને યોસેફ બાળઈસુને લઈને રાતોરાત મિસર દેશમાં ચાલ્યા ગયાં અને હેરોદના મૃત્યુ પછી તેઓ પાછા ઈઝરાયેલ ભૂમિમાં પરત ફર્યા અને નાઝરેથ નામના ગામમાં નિવાસ કર્યો.

આમ આપણે જોઈ શકીએ છીએ કે, બાળઈસુને માતા મરિયમ અને પાળક પિતા યોસેફના સમર્પિત, બિનશરતી, અનહદ પ્રેમનો અનુભવ એમના બાળપણમાં થયો હતો. ઈસુના માબાપ દર વર્ષે યહુદી ધર્મના રીતરિવાજ મુજબ યેરુસાલેમ જતા હતા. જ્યારે ઈસુ બાર વર્ષના થયા ત્યારે પણ તેઓ દર વર્ષની જેમ જાત્રાએ ગયા. ઉત્સવ પૂરો થતાં તેઓ પાછા ઘરે સંઘમાં છે એમ માનીને તેઓએ એક દિવસની યાત્રા પૂરી કરી. પછી પોતાના સગાસંબંધીઓ અને ઓળખીતા-પારખીતાંઓમાં ઈસુની શોધ કરી, પણ કિશોર ઈસુની ભાળ મળી નહિ ! એટલે ઈસુને શોધતાં શોધતાં તેઓ પાછા યેરુસાલેમ આવ્યા.

છેક ત્રીજે દિવસે મંદિરમાંથી તેમનો પત્તો લાગ્યો. બાળઈસુ તો ધર્મગુરુઓ અને શાસ્ત્રીઓ વચ્ચે બેઠા બેઠા તેમનો સંદેશ સાંભળતા હતા.

યોહાન લખે છે કે, લાજરસના મરણના ચાર દિવસ પછી સજીવન કરે છે. તે જગ્યાએ ઈસુ રડી પણ પડે છે.

(અનુસંધાન પેજ ૪ પર)



## ઈસુ જયંતિ - ભારે આનંદના સમાચાર

-ગાબ્રિએલ ખ્રિસ્તી, ચાવડાપુરા

વિશ્વભરમાં મુક્તિદાતાની જન્મજંયતિ ચારેકોર આનંદ ઉલ્લાસથી ઉજવાય છે. પ્રભુઈસુના જન્મનો આનંદ ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. આ ઉત્સવ આપણે પણ દર વર્ષે ભારે હર્ષોલ્લાસથી ઉજવીએ છીએ. કારણ કે ગાલીલના ગામ નાસરેથથી યહુદિયામાં આવેલ દાવિદના નગર બેથલેહેમના એ પ્રદેશમાં ખુલ્લા મેદાનમાં રહેતા કેટલાક ભરવાડો રાતે વારાફરતી પોતાના ઘેટાંની ચોકી કરતા હતા ત્યારે અચાનક પ્રભુનો એક દૂત તેમની આગળ પ્રગટ થયો અને તેમની આસપાસ પ્રભુની એક દૂત તેમની આગળ પ્રગટ થયો અને તેમની આસપાસ પ્રભુની પ્રભા ઝળહળવા લાગી. આથી તેઓ ખૂબ ભયભીત થઈ ગયા, પણ દેવદૂતે તેમને કહ્યું, બીશો નહીં, સાંભળો હું તમને ભારે આનંદના શુભસમાચાર આપવા આવ્યો છું. આખી પ્રજાને પણ એથી આનંદ આનંદ થઈ રહેશે, આજે દાવિદના નગરમાં તમારો મુક્તિદાતા અવતર્યો છે. એજ ખ્રિસ્ત અને પ્રભુ છે એની એંધાણી એ કે, તમે એક બાળકને કપડામાં લપેટીને ગભાણમાં સુવાડેલો જોશો. (લૂક ૨ : ૮-૧૨)

પ્રભુ ઈસુના જન્મની વધામણી આપતાં જ દેવદૂત કહે છે, હું તમને ભારે આનંદના શુભ સમાચાર આપવા આવ્યો છું. અને એ પહેલાં કહેલા છે બીશો નહીં.

પ્રભુ ઈસુનો જન્મ તો આશરે બે હજાર વર્ષ પહેલાં થયો હતો. પરંતુ આજે પણ એટલા જ ભક્તિભાવથી એમના જન્મની ઉજવણી કરીએ છીએ, કારણ પ્રભુ ઈસુ આજે પણ જન્મ લઈ રહ્યા છે. બે હજાર વર્ષ પહેલાં પ્રભુ ઈસુ બેથલેહેમમાં જનમ્યા એ વાત તો સાચીજ છે પણ પ્રભુ ઈસુ તો રોજબરોજ આપણી મધ્યે જન્મ ધારણ કરે છે. એ પ્રભુ ઈસુના દર્શન કરવા આપણે ગભાણમાં દોડી જઈએ છીએ પણ આપણી આજુબાજુ પ્રભુ ઈસુનો જન્મ હરપળે અને હર જગ્યાએ થાય છે પણ એ તરફ આપણું ધ્યાન જતું નથી.

નાતાલ એટલે શું ? ઈસુ જયંતિ એટલે શું ? ફક્ત ૨૫મી ડિસેમ્બર ? ઈસુ જયંતી એટલે પ્રભુ ઈસુનુ આગમન. મારા અને તમારા જીવનમાં જ્યારે જ્યારે પ્રભુ ઈસુનું આગમન થાય છે ત્યારે એ ઘડી જ આપણી નાતાલ અને એ પળ જ ઈસુ જયંતી ! ટૂંકમાં જ્યારે જ્યારે આપણે પ્રભુઈસુનો સાક્ષાત્કાર કરીએ ત્યારે જ એ આપણી નાતાલ અને એજ આપણી ઈસુ જયંતી !

પ્રભુ ઈસુ એ તો જીવતા જાગતા પારસમણિ છે. કારણકે જેને જેને પ્રભુ ઈસુનો સ્પર્શ થાય છે એના જીવનમાં ગજબનું પરિવર્તન આવે જ આવે ! જેને પ્રભુ ઈસુનો સ્પર્શ થાય તેને બીજુ જોઈએ પણ શું ? પ્રભુ ઈસુના સ્પર્શ પછી માનવીને ખૂટે શું ?

મોડે મોડે પણ આપણી ધર્મસભાને અને આપણને પણ જર્મન અને સ્પેનીશ પુરોહિતો દ્વારા પ્રભુ ઈસુની પ્રાપ્તિ થઈ. એ પહેલાં આપણે પણ અંધારામાં અથડાતાં હતા. પણ જે દિવસે આપણને પ્રભુ ઈસુની પ્રાપ્તિ થઈ એજ દિવસે આપણી ખરી નાતાલ !

આજે પણ પ્રભુ ઈસુ બધા જ સંસ્કારોમાં જીવતા જાગતા છે વળી બાઈબલમાં પ્રભુ ઈસુ પોતાની વાણી દ્વારા પ્રગટ થાય છે અને એથી પણ વધારે જ્યારે જ્યારે આપણે ખ્રિસ્ત પ્રસાદના રૂપમાં પ્રભુ ઈસુને આપણા હૃદયમાં ગ્રહણ કરીએ છીએ ત્યારે જ આપણા અંતરમાં નાતાલ પ્રગટ થાય છે.

જ્યારે જ્યારે આપણે પ્રભુ ઈસુને આપણા હૃદયમાં ગ્રહણ કરીએ છીએ ત્યારે આપણે શ્રધ્ધાથી બોલીએ છીએ, પ્રભુ આપ મારે આંગણે પધારો. એવા પૂણ્ય મારાં નથી પરંતુ આપના વચનોથી જ મારા આત્માનું કલ્યાણ થશે. અહીંયા પણ પ્રભુ ઈસુ રોટી અને આસવના રૂપમાં આપણા હૃદયમાં પધારે છે ત્યારે આપણને પ્રભુઈસુનો સાક્ષાત્કાર થાય છે અને તેમનો સ્પર્શ થતાં જ આપણી નબળાઈઓ, આપણી ભુલો અને આપણા તમામ પાપ પળવાર પણ ટકી શકતા નથી, માટે જ આને ભારે આનંદના શુભ સમાચાર કહેવાય કે નહીં ?

યાકોબના કૂવા પાસે ઊભેલી શમરુની બાઈને પણ પ્રભુ ઈસુનો સ્પર્શ થાય છે અને એના જીવનમાં જબરજસ્ત પરિવર્તન આવે છે. શું એ પણ ભારે આનંદના સમાચાર નથી ?

વ્યભિચાર કરતાં પકડાએલી સ્ત્રીને પ્રભુ ઈસુનો સાક્ષાત્કાર થાય છે ત્યારે ચારે તરફ આનંદ આનંદ પ્રસરી જાય છે.

પ્રભુ ઈસુ મરેલા લાઝરસને ત્રણ દિવસ પછી સજીવન કરતા લાઝરસની બહેનને કહે છે, શ્રદ્ધા રાખીશ તો ઈશ્વરનો

મહિમા જોવા પામીશ. અહીંયા પણ પ્રભુઈસુનો સ્પર્શ લાઝરસને મૃત્યુમાંથી બહાર લાવે છે, અને ચારે તરફ આનંદ આનંદ થઈ જાય છે.

પ્રભુ ઈસુના ક્રૂસારોહણ વખતે બે ચોરને પણ ક્રોસ ઉપર જડી દેવામાં આવે છે એમાંથી એકને સાચો પસ્તાવો થાય છે અને છેલ્લી ઘડીએ એને પણ પ્રભુ ઈસુનો સાક્ષાત્કાર થાય છે શું આ ભારે આનંદના સમાચાર ના કહેવાય ?

જાખ્ખી નામનો જકાતદાર, એણે પોતાના જીવનમાં ઘણાં બધા ઉંધા-ચત્તા કરેલાં પરંતુ તેને પણ પ્રભુ ઈસુનો સાક્ષાત્કાર થાય છે અને એના જીવનમાં પણ ગજબનું પરિવર્તન આવે છે. પ્રભુ ઈસુ પ્રેમથી જાખ્ખીને કહે છે, આજે આ ઘરનો ઉધ્ધાર થયો છે કારણ માનવપુત્ર જે કાંઈ ખોવાઈ ગયું છે તેને શોધવા અને ઉધ્ધારવા અવતરેલો છે (લૂક : ૧૯) શું આ ભારે આનંદના સમાચાર નથી ?

આમ બાઈબલમાં આ સિવાય પણ ઘણા બધા પ્રસંગોમાં લોકોને પ્રભુ ઈસુનો સ્પર્શ થયો છે અને જેને જેને પ્રભુ ઈસુનો સ્પર્શ થયો છે એ સૌનું જીવન બદલાઈ જાય છે. પરિણામે તેઓ ઉદ્ધાર પામે છે. એ શુભ સમાચારથી જગતમાં આનંદ આનંદ થઈ જાય છે. આમ જ્યારે જ્યારે આપણે પ્રભુ ઈસુના શુભ સમાચારને વધાવી લઈને તેની પાછળ પાછળ નીકળી પડીએ તેજ દિવસ નાતાલ અને તેજ દિવસ ઈસુ જયંતી !

નાતાલના આ પુનિત પર્વે આપણને પણ પ્રભુ ઈસુનો સાક્ષાત્કાર થાય અને એ આનંદના શુભ સમાચાર ફેલાવવા આપણે પણ ચારે તરફ નીકળી પડીએ અને સૌને કહીએ, બીશો નહીં હું તમને ભારે આનંદના સમાચાર આપવા આવ્યો છું.

## :: અવસાન નોંધ ::

ધર્મવિભાગના નીચેના શ્રધ્ધાળુનું દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતના આત્માને પરમેશ્વર પરમ શાંતિ બક્ષે, અને તેમના દુઃખિત સ્વજનોને આશ્વાસન અને હિંમત આપે એવી પ્રાર્થના સાથે "આપણી મા પરિવાર" તરફથી શ્રધ્ધાંજલિ.

૧. મગનભાઈ ડાહ્યાભાઈ પરમાર, ઓડ
મરણ તા. ૮-૧૨-૨૦૧૯

૨. શાન્તાબેન ભયલાલભાઈ રાઠોડ, ખંભોળજ
મરણ તા. ૧૮-૧૨-૨૦૧૯

(પાન નં. ૨૦ નું ચાલુ...) દીવો....

ભીતર આ આત્માનો અવાજ મોજૂદ હોય છે. જીવનના દરેક તબક્કે, અંધકાર અને ઉજવાશમાં, સુખ અને દુઃખના શાંતિ અને ઝંઝાવાતો વચ્ચે આ અવાજ માર્ગ દર્શાવતો હોય છે. દોરવણી આપતો હોય છે. પણ ભવાટવિમાં ગળાડૂબ આપણે અવાજને સાંભળી શકતા નથી, સમજી શકતા નથી. અંતર આત્માનો આ અવાજ એટલો સૂક્ષ્મ નથી હોતો કે આપણે આ અવાજ પામી, સાંભળી ન શકીએ અને અવાજ એટલો મોટો નથી હોતો કે આપણે તે અવાજને દબાવી ન શકીએ. પણ એક વખત અંતર આત્માના અવાજને દબાવી દઈએ, આ અવાજ પ્રત્યે આંખ આડા કાન કરીએ ત્યારથી આ અવાજ આપણને ચેતવતો, રસ્તો બતાવતો બંધ થઈ જાય છે. ઈશ્વરે પ્રત્યેક વ્યક્તિની ભીંતર મૂકેલ આ અવાજને ઓળખવાની જરૂર છે. આ અવાજ દીવો બની કાળા અંધકારમાં સાચો માર્ગ સૂઝાવશે.

માનવજાતનું અંતિમ ધ્યેય પ્રકાશ પામવાનું છે. જીવનમાં સાચો રાહ પસંદ કરી પ્રકાશરૂપ બનવાનું છે. જ્યોતિરૂપ બનવાનું છે. એટલે જ આપણે પ્રાર્થીએ છીએ કે,

તમસો મા જ્યોતિર્ગમ્ય... !

ઊંડા અંધારેથી પ્રભુ પરમ તે જે તું લઈ જા. પ્રભુ જ ભીંતરનો દીવો પ્રજવલીત કરીને જીવન નવપલ્લવિત કરશે, જીવનનું નવસર્જન કરશે. ભલે હાથમાં રહેલો દીવો ઓલવાઈ જાય, ભીંતર દીવો સતત સળગતો રાખશે...

આ દીવાના પ્રકાશને જ્યોર્જ બર્નાડ શો કહે છે તે મુજબ કેટલાંક મનુષ્યો વસ્તુઓ જેવી દેખાય છે, તે જોઈને કહે છે આવુ શા માટે છે ? જ્યારે હું જે વસ્તુઓનું અસ્તિત્વ જ નથી એનું સ્વપ્ન જોઉ છું અને કહું છું. આવું શા માટે નથી ! આવા સ્વપ્નો ભીંતરનો દીવો સતત સળગતો હોય ત્યારે જ સાચા પડે છે. ઘણા લોકો કોલબંસ જેવા હોય છે. નવી દુનિયા, નવા રસ્તા શોધતા ક્યાંક પહોંચી જાય છે પણ તેમને ત્યાં જવું હોતું નથી. મોટા ભાગના લોકો સાથે આવું બને છે. અને આવું બને છે તેનું ભાન પણ ઘણું મોડું થાય છે.

ઈસુ અવતરણ ટાણે પ્રત્યેક શ્રધ્ધાળુને આત્માનો અવાજ સંભળાય અને જીવનમાં જે વસ્તુઓ, ઘટનાઓનું અસ્તિત્વ જ નથી એના સ્વપ્નો દેખાય, એ સ્વપ્નો સાકાર બને, સ્વપ્નો સાકાર કરવાનો જીવન પંથ જડી જાય એજ શુભેચ્છા સાથે આનંદી નાતાલ.



# પિતૃદિન

જ્યારે બહારવટિયો બદલાઈને બાપ બન્યો

-ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી, નડિયાદ

સૌરાષ્ટ્રમાં કેટલેક સ્થળે બહારવટિયાની બોલબાલા અને બીક રહેતી હતી. વટેમાર્ગુઓ ગભરાતા હતા. તેઓ આવા માર્ગેથી ફંટાઈ જતા હતા. આ લૂંટારાઓ લોકોને લૂંટી લેતા હતા. એ વાત સાચી, પરંતુ તેઓ બહેન દીકરીઓની ઈજ્જત પર દાનત બગાડતા ન હતા. એ તેઓની ચારિત્રિક વિશેષતા હતી.

આવા માહોલમાં એક કન્યા લગ્ન કરીને તેની સાસરીના ગામે ઘેર આવી. તેણે કિંમતી અને સુંદર કલાત્મક વસ્ત્રો પરિધાન કર્યા હતા. તેના શરીરનાં જે અંગોમાં આભૂષણો પહેરાય તે બધા જ અંગો સુવર્ણ અલંકારોથી લદબદ અને ભરચક હતા.

બીજે દિવસે તેનો પતિ ખેતરમાં ગયો. સાસુએ વહુને કહ્યું, હવે આ ઠઠારો ઉતારી નાખો, વહુ બેટા. વહુએ વિનવણી કરી કે બા થોડા દિવસ તો પહેરી રાખવા દો. સાસુ માની ગયા.

બપોરે દીકરાને ભાથું આપવા જવા માટે બા તૈયાર થયાં. ત્યારે વહુએ તેમને કહ્યું હવે હું આવી છું. તમે આરામ કરો. હું જઈશ. આનાકાની પછી સાસુએ હા પાડી અને કહ્યું, વહુ બેટા, આ તારાં ઘરેણાં ઉતારી મૂક. વહુએ અગાઉની માફક કહ્યું, બા, થોડા દિવસ તો પહેરી રાખવા દો.

બા બોલ્યા, બેટા, સીમાડામાં તારો બાપ બહારવટિયો જોગીદાસ ખુમાણ ભટકાશે તો તારાં અંગ પર એક પણ ઘરેણું રહેવા દેશે નહીં. આ મલકમાં તેણે ધાક જમાવેલી છે.

બા, એવું નહીં થાય, કહીને ઘરેણાથી લદાયેલી કન્યા ખેતર તરફ રવાના થઈ. પાદર વટાવ્યા પછી સીમાડામાં એકાએક તેના પર બહારવટિયા ત્રાટક્યા. તેઓએ હુકમ કર્યો, તારાં ઘરેણાં ઉતારીને નીચે મૂકી દે. કન્યાએ નિર્ભયતાથી કહ્યું, જોગીદાસ ખુમાણ મારા બાપ છે. હું તેમની દીકરી છું. તમે કોની ટોળીના લૂંટારા છો ? જોગીદાસનું નામ પડતાં લૂંટારા વિમાસણમાં પડયા. તેઓએ પોતાના નાયક ખુમાણને બોલાવ્યા અને પૂછયું ? શું આ કન્યા આપની દીકરી છે ? જોગીદાસે ના પાડી ત્યારે કન્યાએ જણાવ્યું, મારા સાસુએ કહ્યું હતું કે વગડામાં તારો બાપ જોગીદાસ ભટકાશે તો તારું એકેય ઘરેણુ રહેવા દેશે નહીં. હવે બોલો આપ, મારા બાપ ખરા કે નહીં ?

કન્યાના બાણરૂપી બોલથી જોગીદાસનું હૈયું વિંધાઈ ગયું - તે બોલી ઊઠ્યો, હા, બેટા હું તારો બાપ છું. તું મારી લાડકી દીકરી છે. તેણે સરદારને હુકમ કર્યો, દીકરીના લૂંટેલા બધા દાગીના તેને પરત કરો. કરિયાવરમાં વધારાના સુવર્ણ અલંકાર આપો. અને દીકરીને તેના ઘર સુધી વળાવી આવો.

તે દિવસે જોગીદાસ બહારવટિયો વાસ્તવિક રીતે બદલાઈને બાપ બન્યો. અને સૌરાષ્ટ્રના વેરાન વગડામાં સાચા અર્થમાં પિતૃદિન ઉજવાયો.

---

**હાથ બીજાનો ઝાલ...**

તું પ્રભુ ભજી લે હાલ
જુવાની જતી રહેશે કાલ... રે.... તું....
પ્રભુ ભજનથી આતમ તારો
બનશે માલામાલ.... રે.... તું....
આળશ કરવાથી તો તારું
જીવન થશે બે હાલ.... રે.... તું....
વિલંબ વાયદા કર્મે ન ચાલે
માન્ય સમય છે હાલ..... રે.... તું....
ઈસુના અનુયાયી જેવી
કરજે તારી ચાલ..... રે.... તું....
શિશુ સમાણો સાલમ થઈને
હાથ બીજાનો ઝાલ.... રે.... તું....

**- ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી**
**નડિયાદ**





# હેલો જિંદગી... !!!

-સંજય રોન્ઝા

મજામાં ? હોઈશ જ ને ? તું પાછી નવા વરસમાં આવી ગઈ. તારે ક્યાં ભૂતકાળ સાથે કંઈ લેવા દેવા હોય છે. જે છે એ બધું અમારે માથે હોય છે. તું તો સઘળું મૂકી નવા સમયને માણવામાં લાગી જાય છે. તને ના કોઈ ચિંતા છે, ના કોઈ મુશ્કેલી... તું પેલા વાલિયા લૂંટારાના ઘરના સભ્યો જેવી છે. અને અમે વાલિયા લૂંટારા... સમજાય છે ને ? તું ઉસ્તાદ તો ખરી... સમજાય તો તને બધું છે પણ તારે સમજીને ક્યાં અમલ કરવો છે ?

ખેર, નવા વરસમાં તારી જોડે કઈ લડવું નથી. આમેય લડીને તને જીતી જવાય એવું કોઈ હથિયા હાથવગું પણ નથી. સાંભળને ? મારો એક પ્રશ્ન છે... કદાચ તને ખોટું લાગે પણ પૂછવો છે... પણ તું સાચો જવાબ આપજે... તું વધારે રંગ બદલે છે કે કાંચિડો ? અરે ? એમ ખોટું લગાડેય નહીં ચાલે જવાબ આપજે... ચાલ વિચારીને કેજે...

સમય એટલે આપું છું કે તારે તો મારા જેવા અનેક હશે... પણ મારે તો તું એક જ છે.... એટલે તું ગમે તે કરે, તારી જોડે જ રહેવું પડે... છૂટકો છે ? તું એક કામ કરને... થોડા દિવસ બિલકુલ માણસ બનીને જીવી તો જો... કદાચ મારા દરેક મિત્રોની જિંદગી વિષે તને થોડો ક્યાલ આવે... આ વર્ષે એટલું માંગુ કે મારા મિત્રોની જિંદગી વધુ સરળ, રોમાંચક અને યાદગાર બનાવે...આટલું મારુ માને તોય ઘણું... આભાર...

પદ, પૈસોને પ્રતિષ્ઠા બધું સમેટીને બેઠેલા માણસને સતત કૈંક ખૂટતું હોવાની અનુભૂતિ થાય છે, એમ એનો નિસ્તેજ ચહેરો બતાવે છે. મતલબ સાફ છે. એણે જે પ્રાપ્ત કર્યું છે, તે પર્યાપ્ત નથી. માણસની ઈચ્છાઓની સીમા નતી. એની અસીમ ઈચ્છાઓ આભથી ઉંચી ને સમુદ્રથી વધુ ગહેરી છે. એને ક્યાંય ચેન નથી. હા...!! સાચે જ એ બેચેન છે.

એની બેચેનીનો ઉપાય એ શોધે છે પણ જડતો નથી... કારણ કે એનું વલણ જડ છે. બીજાની સાથે શેર કરવાની જગાએ બીજાથી છુપાવવાની કલા એને વધુ ફાવી ગઈ છે. આવી ફાવટ એની બેચેનીઓને વધુ તેજ બનાવે છે. એ અંદર-અંદર ગુંચાય છે, ગુંચ વધુ ગુંચવાઈ જાય છે. એની અસર એના મન પર થાય છે, એ ગુસ્સેલ બને છે. એની સહનશીલતા બચી નથી. સહનશીલતા વગરનો માણસ જડ છે. જડ માણસ બીજા સાથે તાલમેલ સાંધિ શકતો નથી. તાલમેલ ને અભાવે એ સંપર્ક ઘુમાવે છે. સંપર્ક તુટતાં સબંધોના મૂળ સુકાવા માંડે છે. સુકાયેલા મૂળ સંબંધોના વૃક્ષને પોષી શકતા નથી, પરિણામે સંબંધ તૂટી જતા વાર નથી લાગતી.

આપણે જે સમૂહમાં રહીએ છીએ એમાં જો વ્યક્તિનો સહજ સ્વીકાર ના હોય તો વ્યક્તિ બેચેન જ રહે છે. મૂળ વાત તો એ જ છે કે, જ્યાં પણ રહો, નેટવર્કમાં રહો. નેટવર્કમાં નહીં રહો તો તમે પણ મોબાઈલ સીમની જેમ બદલાઈ જશો.

આપ સૌનું નેટવર્ક જોરદાર રીતે જોડાયેલું રહે એજ શુભેચ્છા સહ... આપનું વર્ષ શુભ રહે.

---

(પાન નં. ૧૯ નું ચાલુ...) જેવા સાથે તેવા...

છોકરો સામાન આપવા ગયો ત્યારે તેના પપ્પાએ તેની સાસુને સમાચાર આપ્યા કે, તમારી દીકરીની તબિયત બહુજ ખરાબ છે. કોઈ દવા લાગુ પડતી નથી. આ સમાચાર સાંભળીને તેની મા દિકરીને ઘેર આવી. મા રડતા રડતા બોલી અરે દિકરી તારી તબિયત કેમ છે ? ત્યારે દિકરી બોલી શી વાત છે મા ? ત્યારે તેની માએ કહ્યું કે મને તો તારી બિમારીના સમાચાર મળ્યા હતા, ત્યારે દીકરીએ કહ્યું કે એમણે તને અને મને ખોટા સમાચાર આપ્યા. મે તો તમારે ત્યાં અનાજ, ચાંદીના સિક્કા, સોનુ તથા જાતજાતનું બધું મોકલ્યું હતું. તે બધુ મારી નણંદના ઘેર ગયું. આમ વાત કરતા બંને ખૂબ દુઃખી થયા.

ભાઈને આ બધું જોઈને ખૂબ હસવું આવ્યું. પછી તેણે કહ્યું કે જેવા સાથે તેવા આ કહેવત બંધ બેસતી આવે છે.

## "આપણી મા" સામાયિકને મળેલ દાન

| | | |
|---|---|---|
| ૧. | કાવ્યાબેન અશોકભાઈ ખ્રિસ્તી, ભરોડા | રૂા. ૨૦૦/- |
| ૨. | સ્વ. શૈલેષભાઈ ફ્રાન્સિસભાઈ પરમાર ચાવડાપુરા | રૂા. ૧૦૦/- |
| ૩. | રાજેશભાઈ એમ. પરમાર, ઓડ | રૂા. ૧૦૧/- |
| ૪. | સ્વ. ભાઈલાલભાઈ નાનજીભાઈ પરમાર (તારાપુરવાળા) ચાવડાપુરા | રૂા. ૧૦૦/- |

# અંતરનો આક્રોશ...

**-નગીન શાહ, એડવોકેટ**

ભોંયભાંખરૂ થતાં જ પક્ષીઓની કચકચાહટ શરૂ થઈ ગઈ. ધીમે ધીમે ગામ જાણે જાગી રહ્યું હોવાના અણસાર કાને પડતા હતા.

ગામના છેવાડે નાનકડા એ ફળિયામાં વહેલી સવારે જાગી ઊઠેલી મહિલાઓએ વીજળીના થાંભલા નીચે ઝાંખા પ્રકાશમાં કાંઈક ઘુસુર પુસુર કરી રહી હતી....

અને સવાર થતાં જ જાણે ચહલ પહલ મચી ગઈ. વાત વાયુવેગે પ્રસરી રહી હતી... અને જેના પણ કાને વાત પડતી એ જાણે વાતની ખાત્રી કરવા એકબીજાને કાના ફૂસી કરી રહ્યા હતા.

મગન બંધ બારણાં પાછળથી બહાર ફાટી આંખે તાકી રહ્યો હતો. સામેની ભીંતને ટેકે બેઠેલી એની મા સવિતા બીકની મારી કંપી રહી હતી... અને બાજુ પર સાવ સૂનમૂન બની નીચું મોં કરી બેઠી હતી... મગન હજીય ઝીણી આંખે કમાડની તિરાડમાંથી બહાર લોકો પર નજર રાખી ઊભો હતો... જોત જોતાં સવાર થઈ ચુકી હતી... અને જેમ જેમ લોકોને વાત મળી તેમ મગનના ઘર સામે આવી ટોળે વળતા હતા.

હવે લોકોનો ઘોંઘાટ વધતો જતો હતો... ટોળામાંથી કોઈનો અવાજ મગનના કાને પડ્યો. એ નાલાયકને બહાર આવવા દો... એના હગલાને માથે ચઢાવી રાખ્યો છે તે... તો વળી કોઈ કહેતું હતું. હા....હા... એ સવલીએ જ છોરાને બગાડ્યો છે. નહીં તો એનો બાપ તો અલ્લાની ગાય હતો... પણ આ ?!...

ઘર બહાર થતી વાતચીતથી તેના કાનમાં જાણે ઉકાળેલ તેલ રેડાતું હતું... તેને ભારે ગુસ્સો પણ આવતો હતો... પણ અત્યારે તે લાચાર હતો...

જાણે આખા ગામે તેના ઘર સામે મોરચો માંડ્યો હતો. ને તેનું ઘર એકલું પડી ગયું હતું.... તેણે એક નજર તેની મા પર કરી. જે ચૂલે રોટલા બનાવી રહી હતી. અને બાજુ પર બેઠેલ મિના ચૂલામાં લાકડા મૂકી રહી હતી... ચૂલાના પ્રકાશમાં તે મીનાના ચહેરાના ભાવ વાંચી શકતો હતો. સાવ નિર્દોષ એ ચહેરા પર ભારોભાર ભયના થર જામી ગયા હતા...

એ બિચારી મીનાનો શો દોષ મીના એ અંબાલાલ માસ્તરની એકની એક દીકરી હતી. વર્ષોથી આજ ગામમાં જ શિક્ષકની નોકરી કરતા હતા. મગન અને મીના સાથેજ ભણતા હતા. બચપણના મિત્રો હતા... અને સાથે ભણતા મિત્રતા ઘાઢ બનેલી.

વળી મગન ભણવામાં હોંશિયાર હતો પણ ગરીબ માનો દીકરો હતો... તેની વિધવા મા મજૂરી કરી ગુજરાન ચલાવતી... અને નાનકડો મગન આખો દી માસ્તરના ઘરનાં આંટાફેરા કર્યા કરે...

સમય પસાર થતો ગયેલ... અને આજે મીના કોલેજ જતી થયેલ જો કે મગન ગરીબાઈને કારણે આગળ ભણી નહીં શકેલ. પરંતુ બધી રીતે હોંશિયાર હોઈ માસ્તરે તેની ભલામણ કરી સ્કૂલમાં જ પટાવાળા તરીકે લેવડાવેલ. અને એ પછી તો મગન સ્કૂલના કામકાજમાં પણ પાવરધો થઈ ગયેલ.

એમાંય મગન અને મીનાની નિર્દોષ મિત્રતાને લોકોએ શંકાની એરણ પર જાણે અજાણે ચઢાવી દીધી હતી. અને હવે તો એ મિત્રતા આડે જાણે આખા સમાજે મોરચો માંડ્યો હતો. જો કે મિત્રતા નિર્દોષ હતી, પણ મગન અને મીનાને એ સાબિત કરવું કઠીન હતું. કારણ કે આખો સમાજ એક જૂટ થઈ ગયો હતો... મગનના ઘર પાછળ જાણે હાથ ધોઈ સૌ પડી ગયા હતા.

આ બધા પાછળ કેવળ સવિતાના ઘર પ્રત્યેની ઘ્રુણા હતી... એક છૂપો દ્વેષ હતો... અને કોઈપણ રીતે સવિતાના ઘરનું સારુ હિત એ સમાજ ચાહતો નહતો... જે તમામ પાછળ કેવળ વિઘ્નસંતોષ હતો.

અને બિચારા મગનને હેરાન કરવા પાછળ પડી ગયેલા એ સમાજ સામે જાણે તે જંગે ચડી હતી. તેણે એ વડિલને પણ અપમાન કરી ભગાવ્યા હતા. અને પછી તો તેના દિલમાં પણ મગન પ્રત્યેની લાગણીઓ બીજા જ સ્વરૂપે બંધાતી ગયેલ. આમેય ખોટી રીતે બદનામ કરી રહેલા સમાજના ગાલે વાસ્તવિકતાની તમાચ તેણે ઉગામી. અને સમી સાંજે જ તેણે ઉગ્ર બંડ પોકાર્યો... મીનાએ તેના પિતાને પણ સ્પષ્ટ સંકેત આપી દીધો કે તેની ઈચ્છા વિરુદ્ધ કોઈ નિર્ણય લેવાશે નહીં. વળી એ વડીલની મેલી મુરાદ ને પડકારતાં તેણે કહી દીધું હતું... કે ખોટી રીતે કોઈના ઘરને બરબાદ ન કરે. અને એ પછી જાણે બધાની સામે તેણે રણશિંગુ ફૂંકી દીધુ અને બધા

ફાટી આંખે જોતા રહ્યા અને મીના એ મગનનો હાથ પકડી તેના ઘરે આવી ગયેલ.

એ આખી રાત જાણે આખા ફળિયામાં ભારે તહલકો મચી ગયો હતો... ફળિયાના વડીલોને હવે સવિતા સામે યુદ્ધનું કારણ મળી ગયું હતું. બેચાર વડિલો ગામની ઈજ્જત બચાવવાનું જાણે બીડું ઝડપ્યું હતું. ને સવિતાનું ઘર આખા ફળિયાના અને સમાજના રોષનો ભોગ બની ગયું હતું.

છેવટે સવિતા પણ મગન અને મીનાના પડખે અડીખમ ઊભી થઈ ગઈ હતી. સવાર થતાં જ લોકો કૂતુહલવશ કાનાફૂસી કરતા સવિતાના ઘર બહાર એકઠા મળી રહ્યા હતા.

સવિતાએ સવારથીજ બારણું ખોલ્યું નહતું. વર્ષોની અનુભવી સવિતા આખા સમાજને ઓળખતી હતી... સમાજના કહેવાતા વડીલોને જાણતી હતી... તેમની રીતરસ્મો જાણતી હતી... તેમના ઈરાદા પણ તે સમજી શકતી હતી. અને તેથી જ તે બાળકોના હિતમાં બારણું ખખોલતી નહતી... કદાચ જુવાન જોધ દીકરો ગુસ્સામાં કોઈ પગલું ભરી બેસે અથવા લોકો તકનો લાભ લઈ મગન પર હલ્લો ના કરી શકે તે માટે જ તેણે બારણાં બંધ રાખ્યા હતાં અને બન્ને બાળકોને પણ કોઈને કશું નહીં કહેવાની સૂચના આપી દીધી હતી.

આ તરફ માસ્તરના ઘણાં બધા વડિલોની સભા મળી હતી... અને આજુબાજુ જાણે આખું ગામ ટોળે મળ્યું હતું.

વાતની શરૂઆત કરતાં જીવાકાકા બોલ્યા...માસ્તર...! આટલા વર્ષો ગામમાં રહ્યા... ને ગામે તમને ખોબે વધાવ્યા... પણ આ તમારી છોરી... બહુ માથા ભારે હોં.... ! આવું કેમ ચાલે... કાલે કોઈ બીજું ય શીખે... કોઈ સમાજનો દાબ ના રહે. રહે તો આખા સમાજ અને ગામની ય આબરું નું શું....??!

જીવાકાકાની વાત પર ઘડીભર સન્નાટો છવાઈ ગયો...કેવળ હામાં હા મિલાવતા બધા એકબીજા તરફ જોઈ રહ્યા...

અંબાલાલ માસ્તર નીચી ડોકે જીવાકાકાની વાત સાંભળતા હતા. પડી ગયેલા ચહેરા પર ગમગીની છવાઈ ગઈ હતી... ઘણી વાર તેઓ પોતાના કુટુંબ દ્વારા એક આદર્શ અને સંસ્કારી કુટુંબ જીવનનો ઉત્તમ નમૂનો ગામને આપતા ગર્વ અનુભવતા હતા. પણ આજે જાણે સમયના વહેતા ભારે પ્રવાહમાં તેમના એ આદર્શ... એ સંસ્કાર... ને તેમનો એ ગર્વ બંધુય એક સાથે તણાઈ ગયું હતું.

ક્યાંય સુધી જીવાકાકાને જવાબ ના આપી શક્યા. કોઈકે વાત વધારી ભાઈ આ જમાનો બદલાઈ ગયો છે... છોકરાં ભૂલ કરે એમાં મા બાપ કરેય શું...?

વાત બરાબર... પણ જો આમ જ છોકરાં પોતાનું ધાર્યું જ કરે તો સમાજ ક્યાં જઈ અટકશે ?

બધા ભેગા થઈ ડાહી ડાહી વાતો કરતા હતા... કોઈ ઉકેલ મળતો નહતો... પ્રશ્ન હતો માસ્તરની મીનાને અને મગનને અલગ કરવાનો. અને સવિતાને પાઠ ભણાવવાનો. કોઈકે તો બળતામાં ઘી ઉમેરતાં કહ્યું એ સવલીને બહુ પાણી છે... મફતમાં છોરો ઠેકાણે પડે એ કોને ન ગમે ?

હા... હા.. એમ થોડું ચાલે... વળી હવે તો વાતે કરવા તૈયાર નથી... એ સમજે શું... ? બોલાવો એને... અને ના આવે તો માસ્તર તમે પોલીસમાં ફરિયાદ આપી દો... હા ! ખબર પડે હા !

અને કાંઈક વિચારતી તે હાથમાં લાકડી લઈ બારણા પાછળ આવી ઊભી... બસ એકજ ખૂન્નસ હતું આજે આ પાર કે પેલે પાર...

અને એકાએક બારણે તેના નામની બૂમ સંભળાઈ. સવિ...!!

અને બીજી જ ઘડીએ તેણે બારણે ઊભેલ વ્યક્તિ પર લાકડીનો જોરદાર પ્રહાર કરી દીધો...

ને એક તીણી ચીસ વાતાવરણમાં ગુંજી ઉઠી. ઓ બાપા મરી ગયો !

ને એ સીચે સવિતાના કાનને જાણે ફાડી નાંખ્યા... અને તે ઝબકી ગઈ...તેની આંખ ખૂલી ગઈ... ફાટી આંખે તે બધે જોવા લાગી... ઘરના બારી બારણા બંધ હતા. વીડળીના આછા પ્રકાશમાં તેની નજર બધે ફળી વળી... દીવાલ પાસેની ખાટલીમાં મગન હજી મીઠીં નિંદર માણી રહ્યો હતો. ઘડીભર તે હેબતાઈ ગઈ.

એક ભયાનક સ્વપ્ન તેણે જોયું હતું... સતત છૂપા ભયના ઓથાર હેઠળ રહેતા તેના મનસરોવરના ઊંડાણમાં ઉઠતા વિચાર વમળો તેને સુખેથી નીંદર પણ લેવા દેતા ન હતા !

જાણે તેના અંતરની ભીતર સળગતો આક્રોશનો દાવાનળ સ્વપ્નમાં પ્રતિબિંબીત થતો હતો... !



# કરૂણા

-ફ્રાન્સિસ ગાલુસ મેકવાન, ચાવડાપુરા

કરૂણા એ ત્રણ અક્ષરોથી બનેલો શબ્દ છે, તેને સમજવામાં તથા સમજાવવામાં આવે તો પુસ્તકોનાં પુસ્તકો ભરાઈ જાય.

પવિત્ર બાઈબલને જો બીજુ નામ આપવામાં આવે તો તે છે કરૂણા ગ્રંથ. કેમકે કરૂણા એવં કૃપાના અસંખ્ય ઉદાહરણો આપણને બાઈબલમાંથી મળે છે.

કરૂણા પરમપિતા પરમેશ્વરના હૃદયમાંથી વહેનારી અનુકંપા છે, જેમાં દયા, ક્ષમા, અનુરાગ, અનુગ્રહ, આનંદ, વિવેક વગેરે ગુણોનું મિશ્રણ છે, કારણકે ઈશ્વર અતિપવિત્ર પાવન અતુલ્ય સનાતન છે.

આ અનુકંપા સાથે ચાલતાં ઈશ્વરે માણસની રચના કરી છે. પ્રભુ ઈશ્વરે પૃથ્વીની માટીમાંથી માણસને બનાવ્યો અને તેના નસકોરામાં પ્રાણ પૂર્યો. અને માટીનું નિર્જીવ પૂતળું હવે જીવીત બની ગયું. (ઉત્પતિ ૨:૫)

શું તમે સાંભળ્યું છે કે કોઈ બેહોશ વ્યક્તિને હોંશનમાં લાવવા બધા ઉપાય વ્યર્થ જાય છે ત્યારે તેના હૃદયના ધબકારા મંદ પડી જાય છે. ત્યારે તેને મોં વાટે કૃત્રિમ પ્રાણવાયુ આપવામાં આવે છે. તેમતે તેનો જીવ બચી જાય. ઠીક એજ રીતે માટીના નિર્જીવ પુતળામાં કરૂણામય ઈશ્વરે પોતાનો પ્રાણ પૂર્યો છે અને તેને પોતાની પ્રતિમૂર્તિરૂપ બનાવ્યો. (ઉત્પત્તિ ૧ : ૨૬)

ઈશ્વરનો અંશ માણસમાં આવી ગયો. જે પવિત્ર, વિવેકી, બહુવિધ ગતિમય, હિતકારી, ઉપકારી, જન હિતેચ્છુ, કરૂણામય, અનુકંપામય છે. આ રીતે માણસ શાશ્વત જ્યોતિનું પ્રતિબિંબ એવં કરૂણામય ઈશ્વરની સક્રિયતાનું દર્પણ બની ગયો.

આ બધું ઈશ્વરે આપણને ભીખમાં નથી આપ્યું પરંતુ પૂરા અનુગ્રહ તથા અધિકારની સાથે આપ્યું છે. ઈશ્વરે કહ્યું વંશવેલો વધારો અને પૃથ્વીને ભરી દો, અને તેને તાબે કરો. (ઉત્પત્તિ ૧ :૨૮). આ છે ઈશ્વરની કરૂણા નહીં કે ભીખ. આ છે ઈશ્વરની કૃપા. દયા અને કૃપા એકબીજાનાં પૂરક છે. કૃપા વગર દયાનું કોઈ વજૂદ નથી. જેણે દયાનો અનુભવ કર્યો છે એ જાણે શિતળ કુવારામાં નાહ્યો હોય, કુવારો અને વરસાદ કોઈ એક બુંદથી નથી બનતો એમાં કરોડો પાણીનાં બુંદ એમાંથી ટપકે છે. જેણે કરૂણા મેળવી એણે ઈશ્વરની કૃપાનો ભંડાર મેળવ્યો છે.

જો આપણને વાદળ કહે તો કૃપાને વરસાદ. અથવા કુવારા અને એવા કુવારાના બુંદથી સાગર બન્યો છે. અને સાગરથી વાદળ બન્યો છે. સાગર ઈશ્વર છે. કરૂણા એની કૃપાનો કુવારો છે. એ ઈશ્વરની આપણે કૃતિ છીએ.

જરા વિચારો, આ લખાણ લખતી વખતે અથવા તમે વાંચન કરતી વખતે આપણા પ્રાણવાયુ રોકાઈ જાય તો આપણું સજીવ શરીર ફરીથી માટીનું પૂતળું બની જાય.

જો આજે આપણામાં પ્રાણવાયુ છે તે એની દયા કરૂણા છે. આપણે તેની કિંમત પણ ચુકવવી જોઈએ. એની કિંમત આ છે - આપણા પ્રભુ પરમેશ્વરને સાચા મનથી, સાચા હૃદયથી, પૂરી શક્તિથી પ્રેમ કરવો. એને છોડીને બીજા કોઈની સ્તુતિ કરવી નહિ. એ જેવો દયાળુ છે એવા આપણે પણ બનવું. પરંતુ નશ્વર શરીર આત્માને માટે ભારરૂપ છે. અને માટીની આ કાયા મન વિચાર શક્તિ ઘટાડી દે છે. જ્યારે આપણી વિચારશક્તિ ઘટે છે તો આપણે કૃપાઓથી વંચિત રહીએ છીએ. અને આપણી અંદર કરૂણાના બદલે ધૃણા, કુટીલતા ઘર કરી લે છે.

દા. ત. કાઈને ઈર્ષાળુ થઈને પોતાના ભાઈ હાબેલને મારી નાખ્યો. છતાં પણ દયાળુ ઈશ્વરે તેને ક્ષમા આપી. એટલું જ નહીં જેથી કરીને કોઈ તેના પર ઘા ના કરી બેસે એટલા માટે તેના માથા પર પોતાની મહોર મારી, કાઈનને ઈશ્વરની દયા એટલા માટે પ્રાપ્ત થઈ કેમકે તેણે ઈશ્વરથી દૂર જવાનું વિચાર્યું નહીં. કાઈનને કહ્યું, તું આ દંડ નહીં વેઠી શકીશ હું તારાથી દૂર નથી થઈ શકતો (ઉત્પતિ ૪:૧૪)

યોહાનના શુભસંદેશમાં આપણે સાંભળીએ છીએ કે છેલ્લા ભોજન વખતે યહૂદા ઈશ્કરિયાતે પ્રભુની પાસેથી ચાલ્યો ગયો હતો (યોહાન ૧૩:૮૦) એની વિચારશક્તિ વિશ્વાસગાતમાં બદલાઈ જાય છે. પીતર પ્રભુઈસુની પાસેજ હતો છતાં ત્રણ વાર પ્રભુનો નકાર કર્યો હતો. બાદમાં મરઘો બોલ્યા પછી પશ્ચાતાપનાં આસું પાડવા લાગ્યો. તેને પ્રભુ ઈસુની કૃપા પ્રાપ્ત થઈ જ્યારે યહૂદા ઈશ્કીરિયાતે આપઘાત કરી પ્રાણ ખોયા.



# જીવતર લઈ ઉભો હતો (કાવ્યાસ્વાદ)

-રાજેશ ચૌહાણ, પાધરિયા, આણંદ

કવિતા પહેલાં કવિના હૃદયના ધબકારા પર લખાતી હોય છે, પછી એ કાગળ ઉપર ઊતરતી હોય છે. આવી સર્વોત્તમ કવિતા વાંચનાર કે સાંભળનાર ભાવકને વાહ... વાહ.. કહેવા મજબૂર કરી દેતી હોય છે. કેટલાક કહેવાતાં કવિઓ પોતાની જોડકણા ટાઈપની કવિતા કે જેમાં કોઈપણ શબ્દોને ગમે ત્યાં ફીટ કરી કવિતા રચ્યાનો આનંદ માણતા હોય છે, જ્યારે જેમણે વર્ષો સુધી શબ્દની આરાધના કરી હોય એવાં કવિઓ પોતાની રચનામાં એકપણ શબ્દ વધારાનો કે ઓછો અથવા તો આડોઅવળો ચલાવી લેતા નથી. જ્યાં સુધી પોતાના દીલને તસલ્લી ના વળે ત્યાં સુધી એ કાવ્ય પાછળ મચ્યા પડતાં હોય છે. અને જ્યારે પોતાને પૂર્ણ સંતોષ થાય તો જ એને પ્રસિદ્ધ કરતા હોય છે. કવિતા એ સર્જકના ચિત્તમાં સહજભાવે જન્મતી હોય છે. સમર્થસર્જક કોઈ શાંત પળોમાં કશાક સંવેદન અનુભવે, તેને બરાબર પીછાણે, આત્મસાત કરે ત્યારબાદ જ તે સર્જનપ્રક્રિયા તરફ વળતો હોય છે.

ગદ્ય એટલે શબ્દોની શ્રેષ્ઠ ગોઠવણી પણ પદ્ય એટલે તો શ્રેષ્ઠ શબ્દોની શ્રેષ્ઠ ગોઠવણી. તેથી જ ગદ્યની સરખામણીમાં પદ્ય લખવું ખૂબ જ કઠીન ગણાય છે. સોશીયલ મીડિયાના જમાનામાં કવિઓનો રાફડો ફાટી નીકળ્યો છે. તે સમયમાં જ્યારે દિલમાં મીઠું સ્પંદન જગવી દે તેવી સરસ ગઝલ વાંચવા મળે ત્યારે માંહ્યલો રાજીરાજી થઈ ઊઠે છે. આવી જ એક ગઝલ થોડાં સમય પહેલાં વાંચવા મળી. ગઝલ વાંચીને તરત જ આફરીન પોકારી જવાયું. ગઝલ મારા સંવેદનને સ્પર્શ કરી ઝંકૃત કરી ગઈ. ગઝલનો ભાવાર્થ સમજવા તેને મન ભરીને માણી. ગઝલનો એકેએક શેર અસરદાર, વજનદાર ને જાનદાર હતો. ગઝલમાં જીવનની, સમાજની આજની પરિસ્થિતિનું આબેહૂબ વર્ણન હતું. દરેક શેરમાં કોઈ સંદેશ છૂપાયેલ હતો. એ ગઝલ વિશે લખવા માટે મારું હૃદય મને આદેશ કર્યા કરતું હતું. એટલે એ ગઝલ અંગે મારા વિચારો અહીં મેં રજૂ કર્યા છે. અલબત્ત, મને જે સૂઝયુ, અનુભવ્યું એને જ શબ્દદેહ આપી રહ્યો છું. કદાચ કવિના મનમાં તેનાથી અલગ જ વિચાર પેદા થયાં હોય એ બનવાજોગ છે, અથવા તો કોઈ અન્ય વાચક તેમાંથી કોઈ જુદો જ મુદ્દો તારવે એમ પણ બની શકે છે.

આ ગઝલ માહે મે ૨૦૧૯ના પાવન હૃદય દૂત સામયિકમાં પ્રકાશિત થયેલ, જેનું શીર્ષક હતું, જીવતર લઈ ઊભો હતો. અને કવિ હતા શ્રી કલ્પેશ સોલંકી કલ્પ. આ નામ સાહિત્ય જગતમાં અજાણ્યું નથી. શ્રી કલ્પેશભાઈના દરેક કાવ્યોમાં કલ્પના, વાપરેલ પ્રતિકો અને ખાસ તો નવીનતા ઊડીને આંખે વળગે છે. દરેક શબ્દની ખૂબ જ ચીવટતાથી થતી પસંદગી અને ગોઠવણી ધ્યાનાકર્ષક હોય છે. તે ખાલી લખવા ખાતર લખી નાખનાર કવિ નથી. તેમનાં દરેક કાવ્યમાં તે પોતાનું તમામ હીર નિચોવી દે છે, બલ્કે કહેનો કે અંતરના સાવ ખાલી થઈ જાય છે. કદાચ એટલા માટે જ તેમણે તેમનાં એક કાવ્યસંગ્રહનું નામ રિક્તતા રાખ્યું હશેને !

ગઝલના મત્લાનો શેર છે,

એ ફરીથી હાથમાં પથ્થર લઈ ઊભો હતો,
હું તૂટેલાં કાચનો અવસર લઈ ઊભો હતો.

કોઈપણ પરિસ્થિતિમાં સારું જ જોવાની વાત અહીં કરેલ છે. ગમે તેવી મુશ્કેલ ઘડીમાં પણ ધીરજ ગુમાવ્યા વગર તેનો અડગ હિંમતથી સામનો કરવો જોઈએ. આફતને અવસરમાં પલટી નાખવાની સુંદર શીખ જોવા મળે છે. ગની દહીંવાલાનો શેર તરત જ યાદ આવી જાય છે,

તૂટી પડશે નભ નિરાશાનું ગની,
ભીંત જો તું શાની ચણશે નહીં.

ગઝલના બીજા શેરમાં કવિ કલ્પ લખે છે,

સાવ નાની વાત છે, સમજાય તો સમજો તમે,
રોજ એ મોટો થવા દફ્તર લઈ ઊભો હતો.

નાના હોઈએ ત્યારે ક્યારે મોટા થવાશે, એની રાહ જોતાં જોતાં બાળપણ ક્યાં સરકી જાય છે તેની ખબર પણ પડતી નથી. અને મોટાં થયાં બાદ જ વો કાગજ કી કશ્તી... યાદ આવે છે. દફ્તર લઈ નિશાળમાં ભણવા જતું પેલું બાળક ભણવાની લ્હાયમાં બાળપણનો લ્હાવો લૂંટવાનું ચૂકી જાય છે. (...અને હવે તો અઢી વર્ષની ઉંમરમાં જ બાળકને ભણવા મોકલી દેવાય છે.) ભૂલકાઓને તેમનું નિદોર્ષ બાળપણ પૂરી

સ્વતંત્રતાથી માણવા દેવાની આટલી નાની વાત પણ આપણે સમજી શકતા નથી. બાળકના તમામ દુઃખોની શરૂઆત એ પરીકથા વાંચતો બંધ થઈ જાય પછી જ થતી હોય છે.

તે પછીનો શેર આજના સમાજની કડવી વાસ્તવિકતા ઉપર વ્યંગસભર પ્રહાર કરે છે.

આંગણું ખાલી અને માબાપ જીવે એકલાં,
એજ બાળક કેટલું ભણતર લઈ ઊભો હતો.

સંયુક્ત કુટુંબ તૂટતાં જાય છે. ભણીગણીને મોટો લાટસાહેબ બનેલ દીકરો માબાપને પોતાની સાથે શહેરમાં રાખવામાં નાનમ અનુભવે છે. ગામડાના જે ઘરમાં વિશાળ આંગણામાં દીકરાને ઉછેરીને મોટો કર્યો હતો તે જ ઘરનું આંગણું હવે ખાલીખમ લાગી રહ્યું છે. ઘરડા માબાપ પુત્ર માટે ઝૂરે છે. પણ માછલીના તરફરાટની ખબર બહારના લોકોને થોડી હોય ? એ તો માછલી જાણે કે કદાચ ટોપલો જાણે !

ગઝલનો ચોથો શેર કુદરતના અફર ક્રમનું નિરૂપણ કરે છે.

લાકડીના ટેકે હવે ચાલી શકે તો પણ ઘણું,
આટલા વર્ષો પછી એ ઘડપણ (કળતર) લઈ ઊભો હતો.

પીપળ પાન ખરંતા, હસતી કૂપળીયા... જવાની ક્યાં કાયમ રહે છે. એનું નામ જ જ...વા...ની... દરેક માણસને લાંબુ જીવવું છે, ઘરડા થવું ગમતું નથી, પણ સૃષ્ટિનો ક્રમ થોડો બદલાય ! આ વૃદ્ધાવસ્થાને પણ આનંદમય બનાવી શકાય. જે જૂની ઘરેડમાં જીવ્યા કરે તે ઘરડો થાય, પરંતુ સમય અનુસાર જે જ્ઞાન, સમજણ, અનુભવમાં વૃદ્ધિ પામે તે વૃદ્ધ કહેવાય. ઘરડા થવાથી ઉદાસી મળે, પણ પરિપક્વ થવામાં તો આનંદ. એક કાવ્યપંક્તિ સ્ફૂરે છે,

લાકડી ટેકો બને, ચશ્મા બને આંખનો આધાર, કાને કઈ સંભળાય નહીં,
કાંઈ વાંધો નહી, જિંદગીનો આજ ક્રમ છે માની ખુશીથી વધાવજો.

કવિ કલ્પેશ આશાવાદી છે, આસ્થાવાદી છે, તેનો પુરાવો છેલ્લા શેરમાં જોવા મળે છે.

કેટલી ઠોકર વાગી હશે એ ના ગણો તમે,
ઈશ દર પગલે જીવતર લઈ ઊભો હતો.

જીવનની ઢળતી સંધ્યાએ આખા જીવન તરફ દ્રષ્ટિ નાખીને નિસાસા કાઢનારને દુઃખ જ દુઃખ નજરે ચઢશે, પ્રભુની અનહદ કૃપા નહીં દેખાય. કવિ મિસ્કીન એટલે જ કહે છે,

કૈંકની મૃત્યુથી બદતર છે પરિસ્થિતિ અહીં,
ટૂંકમાં બહેતર જીવન જીવાય છે, આભાર માન.

પ્રભુ ક્યારેય કોઈને તરછોડતો નથી. કીડીને કણ ને હાથીને મણ દેનારો એ કિરતાર બધાની કાળજી રાખે છે જ. તે હરપળે સહાય કરવા તત્પર હોય છે, મદદ કરવા આતુર હોય છે. પણ આપણને તો માંગતાયે આવડતું નથી. અહીં કવિ દલપતરામની પેલી પંક્તિનું સ્મરણ થઈ આવે છે.

જે તુજથી ના થઈ શકે એજ પ્રભુ પાસે કરાવ,
પાણિયારું પ્રભુ ભરશે નહીં, ભરશે નદી તળાવ.

આમ, આખી ગઝલમાં કવિએ ખૂબ જ સરળ ને સરસ શબ્દોમાં તેમનું કવિત્વ આપણી આગળ રજૂ કર્યું છે. અર્થસભર શબ્દોમાં કરેલી રજૂઆત આપણાં તન મનને ઝંઝોળે છે. ગઝલમાં રચેલ તમામ પ્રાસો ગઝલને સૌંદર્ય બક્ષે છે. તેનું હાર્દ હ્રદયને સ્પર્શી જાય છે. સુંદર ગઝલ રચવા માટે કવિ કલ્પેશભાઈને અંતરથી અભિનંદન અને હજુ પણ વધુ સારી કવિતાઓ એમના થકી અવતરે એવી શુભેચ્છાઓ.


ઘેર બેઠા આપણી મા વંચાય

આપણી મા એટલે કૌટુંબિક મૂલ્યોની પુનઃસ્થાપના

ધર્મસભાની નવાજુની, ધાર્મિક ઘડતર,

મરિયમ ભક્તોના વિચાર વિનિમયનું એક માત્ર માધ્યમ.

વ્હાલા મરિયમ ભક્તો એક વર્ષનું આપનું લવાજમ પૂર્ણ થયેલ હોઈ આપનો અંક ચાલુ રાખવા માટે આપના વાર્ષિક લવાજમના નાણાં ૬૦/- રૂપિયા તમારા સ્વયંસેવક મારફતે અથવા રૂબરૂમાં ખંભોળજ ચર્ચ ઑફિસમાં જમા કરાવશો.

આભાર સહ.

**પ્રકાશક : રેવ. ફાધર લોરેન્સ**

**તંત્રીશ્રી / તંત્રી મંડળ**

# જેવા સાથે તેવા...

**-લક્ષ્મીબેન વી. પરમાર, નડિયાદ**

આ વાર્તા ભાઈ બહેનના હેતની છે. બાળપણમાં મા-બાપ ગુજરી ગયા છે, તેથી ભાઈ-બહેન દુઃખમાં મોટા થાય છે. બહેન મોટી તાય છે ત્યારે એને પરણાવે છે ગરીબ ભાઈ-બહેન એટલે બહેનને સાસરું પણ ગરીબ મળ્યું છે. તે બિચારી લોકોના કચરા-પોતા, વાસણ માંજવા જેવા કામ કરીને ગુજરાન ચલાવે છે. તેને બિચારીને બે ટંક ખાવાનું માંડ મળતું હતું.

એકવાર તે ખૂબ બિમાર પડી. તેણે વિચાર્યું કે થોડા દિવસ ભાઈને ત્યાં જઈને રહું અને સારું સારું ખાવાનું ખાઉં. જેથી મારું શરીર સારું થાય. ભાઈ તો ખૂબ માલદાર છે તેથી ત્યાં રહેવાનું મળશે અને ભાઈને પણ સારું લાગશે. બહેનનું હિરલ છે અને ભાઈનું નામ સુખદેવ છે.

હિરલ ભાઈને ઘેર જવા નીકળી. રસ્તામાં તેના ભાઈનું ખેતર આવતું હતું. તેમાં લીલા ચણા વાવેલા હતા. બહેનને ભાઈનું ખેતર જોઈને ખૂબ આનંદ થયો. થોડીવાર ખેતર જોવા ઉભી રહી. તેવામાં ખેતરમાંથી ભાઈ બહાર આવ્યો તેની બહેનની હાલત જોઈને ભાઈને ખુબ દુઃખ થયું. તેણે બહેનને કહ્યું તું ઘરે જા હું થોડીવારમાં આવું છું.

ભાભીએ તેના હાલ જોયા. તે સમજી ગઈ કે બહેન બા અહીં રહીને તબિયત સુધારવા આવ્યા છે. હું તેમની સારી સરભરા કરીશ તો તે અહીંથી જવાનું નામ નહી લે. આમ વિચારી તેણે કોથળો પાથરી બહેનને બેસવા કહ્યું, અને એક થાળમાં થોડા ઘઉંના ડૂંડા લાવીને પાથર્યા અને વારંવાર બોલવા લાગી કે ઘઉંના ડૂંડા તું જલ્દી સૂકાઈ જા મારી નણંદને ભૂખ લાગી છે, તને દળીને હું રોટલી બનાવીશ તે જમીને પછી ઘેર જશે.

બહેન ભૂખ-તરસી થાકીને લોથપોથ થઈ ગઈ હતી. તેને એમ હતું કે ભાઈના ઘરે સારું સારું ખાવાનું મળશે અને આરામ કરીશ. હિરલ પરાણે ઉભી તેને લાગ્યું કે ભાઈને મારું આવવાનું ગમ્યું નથી. તેણે કહ્યું કે ભાભી તમે ચિંતા કરશો નહીં હું મારા ઘરે જઈને જમીશ. અરે નણંદબા બેસોને હમણાં ડૂંડા સૂકાઈ જશે તમારા ભાઈ આવશે તો મને કહેશે કે મારી બહેનને ખવડાવ્યું પણ નહીં. હિરલ કહે ના હવે હું જઈશ. અને તે ચાલી નીકળી. ભાઈનું ખેતર આવ્યું. લીલા ચણા ખાધા અને બોલી મારા ભાઈનું ખેતર ભરપૂર રહો.

આ તરફ ભાઈ પોતાના ઘેર આવ્યો. તેને એમ કે તેમને ખબર નહીં હોય એટલે હું સામેથીજ કહીં દઉં. તેણે કહ્યું સાંભળો છો ? આજે નણંદબા આવ્યા હતાં. મેં તો તેમને રોકાવવાનું ઘણું જ કહ્યું પણ તે રોકાયાં નહીં. અને જમવા પણ ન રહ્યા. આ બંધુ જાણીને ભાઈને ખૂબ દુઃખ થયું. તેનું મોઢું પડી ગયું, તે રોવા જેવો થઈ ગયો. ત્યારે તેની પત્નિએ કહ્યું કે આમ રોવા જેવા કેમ થઈ ગયા છો ? ત્યારે તેના પતિએ કહ્યું કે તારા પિયરથી એક માણસ આવ્યો હતો તેણે કહ્યું કે ઘરમાં આગ લાગી છે અને બધું બળીને ખાખ થઈ ગયું છે. તારા ભાઈ-ભત્રીજો બધા ભૂખે ટળવલે છે. આ સાંભળીને તે રડવા લાગી. પતિએ કહ્યું કે રડ નહીં અનાજ, કપડાં, જરૂરી વસ્તુઓ બળદ ગાડામાં મૂકાવી દે. આપણા છોકરાને સવારમાં જ ત્યાં મોકલી દઈશું.

હવે તે જલ્દી જલ્દી બધો સામાન તે ગાડામાં મૂકવા લાગી. પુરી , મીઠાઈ બનાવી, ઘી-તેલ, ચોખા, ઘઉં, દાળ બધુ અનાજ ભેગું કરીને ગાડામાં મૂકવા લાગી. આખું ગાડું સામાનથી ભરાઈ ગયું. વહેલી સવારે સુખદેવે છોકરાને બહાર બોલાવીને કહ્યું કે બેટા આ બધો સામાન તારા ફોઈબાને ત્યાં લઈ જજે. છોકરો ગાડુ હંકારીને ફોઈબાને ઘેર ગયો. તેની ફોઈ ઉદાસ થઈને બેઠી હતી. ભત્રીજાને જોઈને તે ખુશ ખુશ થઈ ગઈ. તેણે કહ્યું કે બેટા બેસ હું તારા માટે મીઠાઈ લઈ આવું. ભત્રીજાએ ફોઈબાને કહ્યું કે તમારે ક્યાંય જવાની જરૂર નથી. હું સાથે જ મીઠાઈને બધુ લાવ્યો છું. પછી બધો સામાન ફોઈબાને ત્યાં મૂકી છોકરો ઘરે આવ્યો. તેની મમ્મીએ પૂછ્યું, બેટા તારા નાની મઝામાં છે ને ? બધો સામાન મૂકી આવ્યો ને ? છોકરો બોલ્યો, અરે મા, મને તો પપ્પાએ ફોઈબાને ત્યાં સામાન દેવા મોકલ્યો હતો. હું નાના ને ત્યાં નહોતો ગયો. તો પછી મને નાના-નાનીની શી ખબર પડે.

(અનુસંધાન પેજ ૧૩ પર)

# દીવો

**-શૈલેષ ક્રિસ્ટી**

રાત અંધારી હતી. ચોમેર કાળો અંધકાર છવાઈ ગયો હતો. અજવાળાનું આછું પાતળું કિરણ ક્યાંય કળાતું નહોતું. આવી કાળી ડિબાંગ રાત્રે એક શિષ્યને ગુરૂમઢ છોડી બહાર જવાનું બન્યું. બહાર જવું અનિવાર્ય હતું.

રાત્રીની ભયાનકતા જોઈ ગુરૂએ પૂછ્યું, તુ બહાર કેવી રીતે જઈશ. મઢ બહાર ઘનઘોર અંધારું છે, વળી રસ્તો ભયાનક જંગલમાંથી પસાર થાય છે. તું ક્યાંક ભૂલો તો નહીં પડેને ! તને રસ્તો જડશે ?

તમે મને દીવો આપો તો સારું, દિવાના પ્રકાશમાં હું પથ શોધી લઈશ. ને મંઝીલે પહોંચી જઈશ. શિષ્યે વિનંતીભર્યા સ્વેર કહ્યું.

આથી ગુરૂએ શિષ્યને દીવો આપ્યો. શિષ્ય દીવો લઈને ઉંબરો ઓળગી માંડ ચાર કદમ ચાલ્યો... ત્યાં તો ગુરૂએ પાછળથી આવી ફૂંક મારી દીવો ઓલ્વી નાંખ્યો. ફરી પાછો અંધકાર... શિષ્ય મુંઝવણમાં મુકાઈ ગયો, ક્ષણેક વિચારમાં પડી ગયો. ગુરૂએ આવી મજાક કેમ કરી હશે તે શિષ્ય સમજી શક્યો નહી. તેણે નમ્રતાથી ગુરૂને પ્રશ્ન પૂછયો, તમે દીવો કેમ હોલવી નાંખ્યો !

મારો દીવો હતો, મેં હોલ્વી નાંખ્યો. મારા દીવાના પ્રકાશમાં તું માર્ગ કેમનો શોધીશ. મારા પ્રકાશે, મારા અજવાળે તું તારો રસ્તો કેમનો કાપીશ ? તું તારોદીવો જાતે જ શોધી લે !

અને શિષ્ય દીવો શોધવા નીકળી પડે છે.

આ શિષ્યની જેમ આપણે જીવનું ભયાનક જંગલ પસાર કરવાનું છે. આથી દીવો, પ્રકાશ આપે તેવો દીવો જરૂરી છે.

નાતાલના અવસર ટાણે અનેક દીવાઓ, મીણબત્તીઓ પ્રજવલીત હોય છે. જે પ્રકાશપુંજ આપે છે. ચોમેર ઘરની બહાર તારાઓ લટકતા હોય છે. જેમ રોશની હાજરી પુરાવે છે. ઝગમગ થતું રંગીન અજવાળુ ચકાચોંધ કરી દે છે. ચોમેર ઝાકમઝોળ હિલ્લારે ચઢયો હોય છે. ક્યાંય અંધારુ કળાતું નથી જાણે અંધારુ હારી ગયું ગયું હોય તેમ જોજનો દૂર ચાલ્યું ગયું હોય છે. પણ અજવાળું કૃત્રિમ ઊભો કરેલ પ્રકાશ કેટલી રાત ટકવાનો ? તહેવારનો ખુમાર ઉતરતા ફરી જોજનો દૂર ચાલ્યું ગયેલું અંધારુ ફરી પાછુ આટાપાટા રમવા તૈયાર ઊભું થઈ જશે.

અને આપણે તો જીવનપંથ કાપવાનો છે. મંઝીલ શોધવાની છે. માર્ગ શોધવાનો છે. કેડી કંડારવાની છે. અંધારાથી ગભરાઈને ઘરમાં ભરાઈ જવાનું નથી. અંધારા સામે, પડકાર સામે, લડવાનું  છે. ડેલકાતેગીએ લખેલ છે કે, દુનિયાની મોટા ભાગની મહત્વની વસ્તુઓ એવા લોકો વડે પૂર્ણ થઈ છે જેમણે જ્યારે જ્યા પણ આશા નહોતી દેખાતી ત્યારે પ્રયત્નો કરવાનું ચાલું રાખ્યું હતું. આમ ભલે ચોમેર અંધારું જામ્યું હોય આપણે રસ્તો શોધવાનો છે. જ્યાં સુધી દેખાય ત્યાં સુધી આગળ વધવાનું છે. ત્યાં પહોંચ્યા બાદ આગળનો રસ્તો જરૂર દેખાશે એ અડગ શ્રદ્ધા સાથે ડગ ભરવાના છે.

સામાન્યત્વે આપણે અન્યનો દીવો, પ્રકાશ, અનુભવ, જ્ઞાન લઈને જીવનમાં માર્ગ શોધવા વલખા મારીએ છીએ. પણ અન્યો પાસેથી ઉછીના લીધેલા પ્રકાશ વે, અન્યના અનુભવો, દાખલાઓના આધારે આપણે આપણું જીવન ગણિત કેમનું માંડી શકીએ ! ગણી શકીએ ! અન્યના પ્રકાશના સહારે અધવચ્ચે, અધ રસ્તે ઓલવાઈ જાય છે. અને ત્યારે આપણે નોધારા થઈ જઈએ છીએ, નિઃસહાય થઈ જઈએ છીએ. અને રસ્તો ભટકી જઈએ છીએ, કારણ મંઝીલનું કે માર્ગનું ભીંતર જ્ઞાનજ નહોતું. અધુરા ઘડા હતા. સૂંઢના ગાંગડે ગાંધી થવા નીકળ્યા હતા. આથી જેવો ઉછીનો દીવો ઓલવાઈ છે ત્યારે અંદરનું અને બહારનું બંને અંધારુ ભેગું થાય છે. અને હાંફળા ફાંફળા થઈ જઈએ છીએ. અંધારુ આપણને અકળાવે છે કારણ મુળે આપણે અંધારાથી ટેવાયેલા નથી હોતા. આથી ગભરાઈ જઈએ છીએ. કારણ દીવાનો પ્રકાશ માત્ર બાહ્ય અંધકારને દૂર કરે છે. દીવાનો પ્રકાશ ભીંતરના અંધકારને દૂર કરી શકતો નથી. બાહ્ય અંધકાર હાનિકારક, પણ ભીંતરનો અંધકાર તો એથી પણ વધુ હાનિકારક આથી આપણું મુખ્ય કાર્ય અજ્ઞાનની સ્થિતી, મોહ, માયા, લોભની સ્થિતિ, રાગદ્વેષ, ભય, આશંકા, ક્રોધ, ધૃણા, ઈર્ષા, લોલુપતા આ દૂર કરવાનું જરૂરી છે. અને ભીતરનો અંધકાર દૂર કરવા અવિનાશ વ્યાસના ભજન મુજબ

ભીતરનો ભેરુ આત્મા જડી જાય તોજ માર્ગ ચીંધનારો, પથદર્શક ભોમિયો મળી જાય. જેના સહારે જીવનમાર્ગ, ઈસુમાર્ગ, સંત માર્ગ પાર પાડી શકાય. અને પ્રત્યેક વ્યક્તિની

(અનુસંધાન પેજ ૧૧ પર)



# નાતાલ

**રાજેશ એમ. પરમાર (ઓડવાળા)**

આખું વિશ્વ નાતાલ અર્થાત્ ખ્રિસ્ત જયંતીનું પર્વ ૨૫મી ડિસેમ્બર ઉજવે છે. અને એ ઉજવવું જોઈએ કારણકે આપણા માટે આપણા મુક્તિદાતા આપણો ઉદ્ધાર કરવા અવતર્યો છે.

બાઈબલના બે ભાગ છે, જુનો કરાર અને નવો કરાર. ઈસુના જન્મ પહેલાં ઈઝરાયેલી પ્રજા જોડેની ઈશ્વર પ્રભુની વાત છે, એમાં ઈશ્વરપુત્ર ઈસુના આગમન અંગે ઘણી આગાહીઓ છે, બાઈબલના જુના કરારમાં ઈસુના જન્મ વિશેની આગાહીઓ જોવા મળે છે, એટલે જ ખ્રિસ્તી લોકો ઈસુના જન્મમાં ઈશ્વરે આપેલા મુક્તિદાતાના વચનની આગાહીની પરિપૂર્ણતા જુએ છે.

ઈસુના જન્મની સાતેક સદી પૂર્વ લખાયેલા ગ્રંથમાં પયગંબર યશાયાની ભવિષ્ય વાણી કહે છે કે, એક કુંવારી કન્યાને ગર્ભ રહેશે અને તે એક પુત્રને જન્મ આપશે ? અને તેનું નામ ઈમાનુએલ એટલે કે આપણી સાથે ઈશ્વર એવું પાડશે. મુક્તિદાતા ઈસુનો જન્મ બેથલેહેમ એફ્રાયા યહુદાનું એક નાનકડા ગામમાં થાય છે, પ્રભુ પરમેશ્વર તેને તેના પૂર્વજ દાવિદનું રાજ સિંહાસન આપશે અને તે યુગોના યુગો સુધી ઈઝરાયેલી પ્રજા ઉપર રાજ્ય કરશે, તેના રાજ્યનો અંત આવશે નહીં, મરિયમ માની ન શકે એવી વાત છે, તેમના વિવાહ યોસેફ સાથે થયા હતા, પણ તેમનો સહવાસ થાય એની પહેલાંની આ વાત છે, એટલે મરિયમ ઈશ્વરે બક્ષેલા આ અદ્ભૂત વરદાન વિશે ખાતરી કરવા દેવદૂતને પુછે છે ?

એ શી રીતે બનશે ? હું તો પતિગમન કરતી નથી ? મરિયમના પ્રશ્નનો દેવદૂત સુંદર જવાબ આપે છે, પવિત્ર આત્મા તારા ઉપર ઉતરશે અને પરાત્પરનો પ્રભાવ તને છાઈ દેશે અને એજ કારણથી જે પવિત્ર પુત્ર અવતરશે તે ઈશ્વરપુત્ર કહેવાશે. દેવદૂતનો ખુલાશો સાંભળ્યા પછી મરિયમને ઈશ્વરે કરેલી પોતાની વિશેષ પસંદગીનો થોડો ઘણો ખ્યાલ આવ્યો.

મરિયમે કહ્યું, હું તો ઈશ્વરની દાસી છું તારી વાણી મારે વિશે સાચી પડો.

પયંગબરોની ભવિષ્ય વાણીની પરિપૂર્તી અને ઈશ્વરે આપેલા અદ્ભૂત વરદાનની પરિપૂર્ણતા નાતાલમાં છે, ઈસુના જન્મમાં છે, એ વાત આપણે બરાબર સમજી શકીએ છીએ.

દુનિયામાં ખોવાયેલા માણસ માત્રને એ શ્રદ્ધા આપવા માટેજ ઈશ્વરપુત્ર ઈસુ આપણામાંના એક બનીને પરિપૂર્ણ એક નિઃસહાય બાળક બનીને આપણી વચ્ચે પધાર્યા છે, આ ઘટના એટલે નાતાલનો અદ્ભૂત ચમત્કાર. બાળ ઈસુ ભલમનસાઈવાળા દરેક માણસને કૃપા આપશે, વરદાન આપશે અને શ્રદ્ધા આપશે, માટેજ ઈસુ મુક્તિદાતા છે. એટલે જ નાતાલ એ ઈશ્વર આપણી સાથે હોવાનો પુરાવો છે.

સર્વે શ્રદ્ધાળુ ભાઈ-બહેનોને નાતાલ તથા નવા વર્ષની પ્રેમી સલામ.

---

**નાતાલ...**

આવે ને જાય છે,
નાતાલ વરસો-વરસથી,
લઈને એકજ પૈગામ, ઈશ્વરના ધામથી
દિવસો ઘસમસતા
ને રસ્તાઓ છે, સાંકડા
ક્યાં લગી માણસ ગણતો રહીશ આંકડાં,
શાને કરતો મનુજ, મનમાં તુ અભિમાન,
કોઈનું નહી
પણ ખુદનું રાખને તું ધ્યાન.
શ્વાસ આથમસે,
જિંદગીના દિવસ છે ચાર,
પાછળ તું રહી જશે,
ઓ મિત્ર, મારા યાર.
ઈશ્વર પ્રતિ કરવાનો નાતાલ છે, અવસર
બાકી જે કાંઈ છે તે બધું જ મિત્ર, નશ્વર,
આવો ઉજવીએ નાતાલ,
હૈયે ઉમંગ ભરી,
ભાઈ ભાઈને હૂંફ આપવાની
હૈયે ટેક ધરી....

**- રાજેશ એમ. પરમાર**
**(ઓડવાળા)**



# સેવાની સરવાણી

-મથુર વસાવા, ઉના, જિ. ગીર સોમનાથ

શિયાળાની મોસમ ચાલી રહી હતી. લોકો ઠંડીથી બચવા ગરમ કપડાં ખરીદી કરી રહ્યા હતા. ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હતો તેથી સૌ લોકોને નાના બાળકોની ચિંતા થતી કે રખેને બાળક કાતિલ ઠંડીને કારણે બિમારીમાં સપડાઈ જાય ! સૌ મા-બાપ બાળકો માટે ગરમ ટોપી, સ્વેટર, ગળપટ્ટો, ગરમ મોજા, વગેરે ખરીદી કરી રહ્યા હતા. સવાર-સવારમાં બૂમ પડતી હોય છે : બેટા, ઉઠ હવે સવાર થઈ ગઈ છે, શાળાએ જવાનું મોડું થઈ જશે. બાળકને શિયાળાની સવારમાં આળસ ખંખેરતા ખૂબ વાર લાગે, બાળકને પથારીમાંથી બેઠા થતા પણ ખૂબ વાર લાગે આમ બાળક બગાસું ખાતું જાય અને પરાણે બેઠું થાય. શિયાળાની અસર માત્ર બાળક પર નહિ પરંતુ બાળકથી લઈને બુઝુર્ગને પણ પડતી હોય છે.

શિયાળાની ઋતુમાં દિવાળી ટાણે એક મિત્ર વર્તુળમાં ચર્ચા ચાલી રહી હતી, તે ચર્ચામાં એક યુવાને મુખ્ય મુદ્દો રજૂ કર્યો, આ વરસે દિવાળીની ઉજવણી નોખી રીતે કરીએ તો ? યુવાને પોતાની વાત આગળ ઝપાવતા કહ્યું, દિવાળીના દિવસે દારૂખાનું ફોડવું નહીં, ફટાકડામાં જે કંઈ ખર્ચ કરીએ છીએ તે ખર્ચ પર રોક લગાવીએ, આપણે એક ફંડ એકત્ર કરીએ અને તે ફંડમાંથી આપણા જ ભાઈભાંડૂઓ આજે ઠંડીથી ઠૂંડવાઈ રહ્યા છે તેઓ માટે ગરમ વસ્ત્રો અને ગરમ ધાબળા ખરીદીએ. યુવાનોએ પરોપકારી વિચાર કરીને યુવા મિત્રોએ દિવાળી ટાણે ફંડ ભેગુ કર્યું અને તેમાંથી ગરમ વસ્ત્રો અને ગરમ ધાબળા ખરીદયા. દિવાળીના દિવસે સહુ લોકો ફટાકડા ફોડી રહ્યા હતા, આકાશમાં આતશબાજી થઈ રહી હતી, રોકેટ એક ઘરના અગાશી પરથી બીજા ઘરની અગાશી પર જઈ રહી હતી, નાના બાળકો ઘરના આંગણે તારામંડળ લઈ દોડાદોડી કરીને ગેલમાં આવી જતા હતા. આ બધા દ્રશ્યો દિવાળીના દિવસે નિહાળ્યા પછી યુવાનોએ પોતાના શુભ કામની શરૂઆત કરી. દિવાળીના વીત્યા બાદ લાભ પાંચમના દિવસે સમી સાંજે સૌ મિત્ર ગરમ વસ્ત્રો અને ગરમ ધાબળા લઈને ભેગા થયા અને મોડી રાતે સૌ યુવાનો ફુટપાથ પર ગયા અને ત્યાં ઘણા દરિદ્ર લોકો ગરમ વસ્ત્રો વિના સૂઈ રહ્યાં હતા તે લોકો પાસે ધીમા પગલે ગયા અને તેમને નીંદરમાં ખલેલ ન પહોંચે એ રીતે મીઠી નીંદર માણી રહેલા દરિદ્ર લોકો પર ગરમ ધાબળા હેતાળ હૃદયે ઓઢાવી દીધા. અને સૌ મિત્ર પૂણ્યનું કામ પુરું કર્યા પછી પોં ફૂટતા પહેલા ઘરે પહોંચી ગયા. મળસકે લોકો જાગ્યા ત્યારે સૌ અચરજ પામ્યા અને કહેવા લાગ્યા : આ ધાબળા કોણે ઓઢાડયા ? ફરીસ્તો આવ્યો હશે ! લોકો રાજીના રેડ થઈ ગયા.

આ દુનિયામાં હજારો લોકો પાસે પૂરતા વસ્ત્રો નથી અને ક્યારેક ભોજન વિના સૂઈ જતા હોય છે ત્યારે આપણે પણ નવતર પ્રયોગ કરીને આપણી પાસે જે છે તેમાંથી જેની પાસે નથી તેઓને આપણે મદદ કરીએ. આપણે આપણી સેવાની સરવાણી નિરંતર ગરીબ ભાઈભાંડુ સુધી પહોંચાડીએ અને પરોપકારીનું એક પગલું આગળ વધારતા રહીએ.

**એપ્રિલ - મે - જૂન**
**૨૦૨૦ માં**

આવતા મહત્વના દિવસો ધર્મસભાના
પર્વને ધ્યાનમાં લઈને
લેખ લખવા. આપના લેખ તથા કાવ્યની ,સંપૂર્ણ
જવાબદારી જે તે વ્યક્તિની રહેશે.
ફેબ્રુઆરી મહિનાની ૧૦ મી તારીખ સુધીમાં તંત્રીશ્રીને
અથવા ચર્ચ ઑફીસમાં મોકલી આપવા વિનંતી.

**તંત્રી શ્રી સરનામું :** ગોકુલધામ સોસાયટી,
કેથોલિક ચર્ચ સામે, નં. ૪૦,
ખંભોળજ, તા. જી. આણંદ. પીન નં. ૩૮૮ ૩૩૦.
મો. ૯૭૨૪૦ ૫૧૪૭૨
**પ્રકાશક : રેવ. ફાધર લોરેન્સ એ.**
કેથોલિક ચર્ચ, ખંભોળજ, તા. જી. આણંદ.
પીન નં. ૩૮૮ ૩૩૦.
મો. ૯૪૨૬૭ ૫૯૩૨૬

## અનાથોની માતા મરિયમની મળેલ કૃપા - આશીર્વાદોની સાક્ષી

### અશક્ય બન્યું શક્ય :

મારું નામ અર્પણ ડાભી. રહે. ગામડી, આણંદ સાક્ષી આપતા આનંદ અનુભવું છું. તા. ૨૭-૭-૧૯ ના દિવસે હું ખંભોળજ આવ્યો. મારા પપ્પા છોટુભાઈ એસ. ડાભી જેઓને રીપોર્ટ કરતા માલુમ પડયું કે તેમને બ્લડ કેન્સર છે. વાત સાંભળતાની સાથે આખું ઘર નિરાસામાં ગરકાવ થઈ ગયું. મેં હિંમત રાખીને ઘરના બધાજ લોકોને સમજાવ્યા. આપણી મા અનાથોનીની ચમત્કારી છે, પપ્પાને સારું થઈ જશે.

ઘરના સભ્યો પાસેથી નીકળીને હું એક રૂમમાં જઈ ઘુંટણીએ પડીને પ્રાર્થના કરી હે મા હું માગું છું તારે આપવું પડશે. મારા પપ્પાને નવું જીવંતદાન આપ. દવા ચાલુ રાખી તમે નહીં માનો અશક્ય વસ્તુ જીવનમાં શક્ય બની મારા પપ્પાનો થોડા સમય પછી રીપોર્ટ નોર્મલ આવ્યો. આજે હરેફરે છે. આનંદ કરે છે. હું મારી સાક્ષી આપતા સર્વ દુઃખી માટે પ્રાર્થના કરું છું. તે દિવસને યાદ કરીને ધ્રુજી જાઉ છું. પરંતુ માતા મરિયમની કૃપા મારા તથા મારા પરિવાર પર અસીમ છે. જેથી આવી બિમારીઓ તથા મોટા પ્રશ્નો પર અમે કૃપાવંત થઈએ છીએ.

**-અર્પણ ડાભી**
**ગામડી, આણંદ**

### પી.ટી.સી.માં એડમીશન :

મા અનાથોનીની સાક્ષી આપતા જણાવું છું કે મા મારીયનો ખુબ આભાર માનું છું. મેં ધોરણ -૧૨માં ૮૩% થી પાસ કરી દીધી અને મને પી.ટી.સી. કરવાની ઈચ્છા હતી. એટલે મેં પી.ટી.સી.માં ફોર્મ પણ ભરી દીધું. પ્રથમ લીસ્ટમાં નામ ન આવ્યું. બીજામાં ન આવ્યું. મેં અનાથોની માતાને પ્રાર્થના કરી ચાર દિવસ પછી મારા ઘરે લેટર આવ્યો મને પ્રવેશ મળી ગયો.

કેટલો મોટો ચમત્કાર મારા જીવનમાં મા અનાથોનીએ કર્યો છે. મારા જેવા લાખો વિદ્યાર્થીઓની મનની મુરાદ મા તું પૂર્ણ કરજે. આજે ખંભોળજ આવી ચોપડામાં મારી સાક્ષી લખતા હું આનંદ આનુભવું છું. અંતમાં મા એટલું જ કે મારી આજ રીતે મદદ કરતા રહેજો એજ મારી પ્રાર્થના. આમીન.

**-અનીતા પરમાર,**
**વડોદરા**

### સાજાપણુ :

મા અનાથોનીની સાક્ષી આપતા જણાવું છું કે મારું નામ અશ્વિનકુમાર કાંતિલાલ ક્રિશ્ચિયન. આજરોજ તા. ૨૮-૬-૧૯ ના રોજ હું ખંભોળજ માના ધામે આવી ચોપડામાં સાક્ષી આપતા જણાવું છું કે હું અમદાવાદ નોકરી અર્થે જઈ રહ્યો હતો. ત્યાં મને અકસ્માત થયો. સિવિલ હોસ્પીટલમાં દાખલ મને દાખલ કરવામાં આવ્યો.

મારી આંખો ધીમે ધીમે બંધ થવા લાગી. મારા મનમાં પ્રાર્થના ચાલુ હતી. ઘણાં બધા ભાગોમાં ઈજા પહોંચી હતી. મેં માનતા લીધી. ડૉ. સાહેબે જણાવ્યું કે હું ઓપરેશન કરું બાકીનું કામ ઉપરવાળાનું છે. મારા ઘરના લોકો તૈયાર થઈ ગયા. ઓપરેશન કર્યા પછી સાત દિવસે હું ભાનમાં આવ્યો. આજે તમારી હજૂરમાં ઉભો છું. મારી અનાથોની માતા મારું-તમારું રક્ષણ કરે છે.

સાચેજ મા મરિયમે મને જીવતદાન આપ્યું છે. મારી બાધા ફળી છે. મને સાજાપણું મળ્યું છે. માતા મરિયમનો આભાર. આમેન.

**-અશ્વિનકુમાર કાંતિલાલ ક્રિશ્ચિયન**
**અમદાવાદ**

### ગુમાવેલ નોકરી પાછી મળી :

હું સુનિલ ડી. મેકવાન મા અનાથોનીની સાક્ષી આપતા જણાવું છું કે હે માતા તમારી કૃપાથી આજે મારા દિકરાએ ગુમાવેલી નોકરી પાછી મેળવી.

મારો દિકરો બેન્કમાં જોબ કરતો હતો. ૩ મહિના થયા અને શેતાને તેના કાર્યો કરવા લાગ્યો. તે નોકરીમાં રિઝાઈન મુકે એવું દબાણ આપ્યું. મારો દિકરો મુંઝાવા લાગ્યો. તે ખુબ ચિંતીત હતો, ખાતો-પીતો પણ નહતો. મા તરીકે મે તેને

સમજાવ્યો બેટા જમવાનું છોડાઈ નહી. બધુ મા મરિયમ સારું કરશે તું પ્રાર્થના ચાલુ રાખ. મા મરિયમ ઉપર બધું છોડી દે. આપ નહીં માનો મારી માનો ચમત્કાર કેવો તરત જ થોડા દિવસોમાં બેંકમાંથી ફોન આવ્યો, આશીષકુમાર આપ નોકરી જોઈન્ટ કરો. તમારી ભૂલ નથી. જ્યારે મારા દિકરાએ મને કહ્યું ત્યારે મેં કહ્યું મારી માનો પ્રતાપ બેટા ચાલ. ખંભોળજ. પલનાય વિલંબ વિના અમે મહેસાણાથી ખંભોળજ આવ્યા. મારી માનો જય. મારા ઘર પર તારી કૃપા વરસાવતા રહેજો.

**-સુનિલ ડી. મેકવાન**
**મહેસાણા**

## મારી દવા - મા મરીચમ :

મા અનાથોનીની સાક્ષી આપતા આજ રોજ તા. ૨૪-૫-૧૯ નામ કલેમેન્ટ કે. ક્રિસ્ટી, અમદાવાદ. જણાવું છું કે મને ઘણાં સમચથી બી.પી.નો પ્રોબ્લેમ હતો. મેં વિનંતી કરી માને રોજ ગોળી ગળીને કંટાળો આવતો. સાથે કીડની તથા આંતરડા ઉપર સોજો આવતો. જીવનથી કંટાળીને દવા ગોળી મૂકી માની પ્રાર્થના કરી. મા તારી પાસે આવનાર ખાલી હાથે ફર્યું નથી મારી અરજનો સ્વીકાર કર.

માએ મારી પ્રાર્થના સાંભળી મને બધી બિમારીઓથી મુક્ત કર્યો. તમારો આભાર માનું છું. મને સારુ કરવા માટે તમારો આભાર. અન્ય વિચારોથી ચિંતા મુક્ત કરી મારી વાત કાને ધરવા પભુ તમને વંદન. આમીન.

**-કલેમેન્ટ કે. ક્રિસ્ટી**
**અમદાવાદ**

## પૈસા મળ્યા :

આજ રોજ મા અનાથોનીના ધામમાં આવી સાક્ષી આપતા આંખોમાં ખુશીના આંસુ છે. મારું નામ ફ્રાન્સિસભાઈ એસ. ક્રિસ્ટી પ્રભુકૃપા સોસાચટી, જામનગરનો રહેવાસી છું. તા. ૧૫-૮-૨૦૧૯ ને ગુરુવારના રોજ હું મારી માનતા પૂરી કરવા માટે ખંભોળજ આવ્યો હતો.

ત્યાં મને ફાધર માર્ટિન મળ્યા. મારી સાથે વાતો કરી. તેમની સાથે બે ભાઈઓ પણ ઉભા હતા. મારી વાત એમ છે કે મારી દિકરીના એકાઉન્ટમાંથી ગયા મહિને રૂા. ૧૫૦૦૦ એ.ટી.એમ.માંથી ઉપડી ગયા. ત્યારબાદ ઘણા પૈસા ઉપડતા રહ્યા. મેં મેનેજરને વાત કરી, તેઓ કહે અમે કંઈ ન કરી શકીએ. અમારાથી તમારા પૈસા પાછા ન અપાય.

મેં એકાઉન્ટ બંધ કરાવ્યું જે પૈસા હતા તે લઈ લીધા. માની માનતા રાખવાથી મારા જેટલા પૈસા ગયા હતા તે મને મળી આવ્યા. ફાધર આગળ સાક્ષી આપતા હું રડી પડચો. માએ મારા જીવનમાં ચમત્કાર કર્યો છે.

તેવીજ સાક્ષી ફાધર પોતે આપે છે. તેઓ દરવાજો બંધ કરતા હતા ત્યારે તેઓની આંગણી દરવાજામાં આવી ગઈ. ઓ જીસસ જાણે કે આંગણી કપાઈ ગઈ. મને લાગ્યું કે ખલાસ મારી આંગણી ગઈ. હું દરવાજો ખોલવાનો બંધ રાખી મા મરીચમના સ્ટેચ્યુએ મારો હાથ લગાવી હે મારા બાપને પ્રણામ મારીચા પ્રાર્થના બોલ્યા બાદ એક કલાક પછી જાણે મારી આંગણીએ કંઈ થયું ન હોય તેવી થઈ ગઈ. મા અનાથોનીનો ખુબ ખુબ આભાર.

**-ફ્રાન્સિસ એસ. ક્રિસ્ટી**
**જામનગર**

## સરકારી કામ પૂર્ણ :

આજરોજ મા અનાથોનીના ધામે આવી હું ધન્યતા અનુભવું છું. મારું નામ બાબુભાઈ લીમડીપોળ, કરમસદનો વતની છું. મારું ખૂબજ અગત્યનું સરકારી કામ પૂર્ણ થયું.

મા અનાથોનીના ધામે આવી ફાધર માર્ટિન સાથે મારી સાક્ષી રજૂ કરતાં હું આનંદ અનુભવું છું. મારા જીવનમાં ખુબજ અગત્યનું કામ મા મરિયમે પૂર્ણ કર્યું છે. સરકારી કામ અંગે આપણે સૌ જાણીએ છીએ. વર્ષો પસાર થઈ જાય પણ કામ પૂર્ણ ન થાય. મા અનાથોનીની બાધાથી કામ પૂર્ણ થતા માના ધામે દોડી આવ્યો છું. હે મા મારી એટલી જ પ્રાર્થના છે, તારા દરબારમાં આવનારની મુરાદ તુ પૂર્ણ કરજે. મારી પ્રાર્થનાનો સ્વીકાર કર.

**-બાબુભાઈ**
**કરમસદ**

## ટ્રેકટર બહાર આવ્યું :

સંજયભાઈ ક્રિશ્ચિયન જણાવે છે કે તેઓ તા. ૨૨-૮-૧૯ ના દિવસે રાત્રે ૧૨-૦૦ કલાકે તેઓ ખંભોળજ અનાથોની

માતાના ધામે પોતાની બાધા પૂરી કરવા આવ્યા.

અચાનક ફાધરે મારા ઉપર ફોન કર્યો ને મને કહ્યું કે એક મરિયમ ભક્ત મા અનાથોનીના દર્શન માટે આવે છે. ૧૦-૦૦ વાગ્યા હતા. રાત્રીના સમયે હું આટાં મારી રહ્યો હતો. કંટાળીને ૧૦-૩૦ વાગ્યે ઘરે ગયો. પછી સુઈ ગયો. બરાબર રાત્રે ૧૨-૦૦ ના ટકોરે મારા ઉપર ફોન આવ્યો. અમે અમારા ગામથી ખંભોળજ પરિવાર સાથે આવ્યા છીએ તમે ફાધરનો નંબર આપો. મેં બંને ફાધરનો નંબર આપ્યો. હું સુઈ ગયો. (મિશન શાળાનો શિક્ષક)

સવારે જ્યારે માસમાં ગયો ત્યારે રેવ ફાધર જણાવે છે કે સંજયભાઈ તથા તેમના પરિવારજનો રાત્રે આવ્યા હતા. મેં માથે હાથ મુકીને આશીર્વાદ આપ્યા. રાત્રે આવવાનું કારણ પૂછયું ત્યારે તેઓ જણાવે છે કે મારું ટ્રેક્ટર ખેતરમાં ફસાયું હતું તે બહાર નીકળ્યું હું ખળખળાટ હસી પડયો. અરે ટ્રેકટર માટે અડધી રાત્રે ઉઠાડે છે. આગળ વાત કરતા તેમની સાથે હતા તે લોકો જણાવે છે કે ફાધર અમે ચર્ચમાં આવ્યા છીએ તમે હશો છો. વાત જાણે એમ છે કે અમારા ભાઈશ્રી આજથી પાંચ દિવસ પહેલા પોતાનું ટ્રેટકટર લઈને ખેતરમાં ગયા હતા. વરસાદના કારણે ટ્રેકટર ખેતરમાં ફસાયું. ઘણા લોકોની સલાહથી અમે જી.સી.બી. મંગાવ્યું છતાં ટ્રેકટર બહાર ન આવ્યું.

મારા પત્નીએ મનમાં ટેક લીધી હે અનાથોની માતા તુ તો ચમત્કારીક છે. અમારું ટ્રેકટર બહાર આવે તો અમો એજ દિવસે તારા દ્વારે આવીશું. અમારી વિનંતીનો માએ સ્વીકાર કર્યો છે એટલે ફાધર રાત્રે અમો આવ્યા છીએ. નામના માટે નહીં અમારા માટે માએ અમારી જીવનની દોરી પાછી આપી છે. એટલું કહી તેઓ પોતાના ઘરે જવા રવાના થયા.

વ્હાલા મરિયમ ભક્તો માના દ્વારે ગરીબ આવે તંવગર આવે, દુઃખી આવે હરેકની ઈચ્છા મા પૂર્ણ કરે છે. સંજયભાઈની સાક્ષીમાંથી આપણી શ્રદ્ધાને મજબૂત બનાવીએ.

**-સંજયભાઈ ક્રિશ્ચિયન**

## નિવૃત્તિ નિર્વિઘ્ને :

આજ રોજ મા અનાથોનીની સાક્ષી આપતા આનંદ અનુભવું છું કે હું નામે મહેન્દ્રભાઈ પરમાર અમરાઈવાડી, અમદાવાદ ખાતે રહું છું. શ્રમખાતામાં ઓફિસર તરીકે સેવા આપતો હતો.

મારે એક બાબો અને એક બેબીનું વરદાન મા અનાથોનીએ આપ્યું છે. જીવનમાં સુખ-શાંતિ અને આબાદી છે. લગભગ પાંત્રીસ વર્ષથી શ્રમ ખાતામાં સેવા બજાવું છું. નિયમિત પ્રથમ રવિવારે ચર્ચમાં આવું છું. મારી પ્રાર્થના મા અનથોની આગળ મુકું છું. સૌથી અગત્યની બાબત તો એ છે કે ઘણીવાર મારા ઉપર મુશ્કેલીઓ આવી મને લાગતું તે મને મેમો મળશે. જ્યારે જ્યારે હું મુશ્કેલીમાં હોવું ત્યારે એક વખત હે મારા બાપને પ્રણામ મારીયા બોલતો. હિસાબ ન મળે ત્યારે મનને એંકાતમાં લઈ જઈ દસકો બોલતો. મને મા અનાથોની ઉપર પૂરો વિશ્વાસ મારી મુશ્કેલી મા દૂર કરતી.

આજે જ્યારે સરકારી નિયમ અનુસાર હું જ્યારે નિવૃત્ત થઈ ગયો છું ત્યારે મા અનાથોનીના ચરણોમાં માનો આભાર માનવા માટે આવ્યો છું. દર્શન કરી માને પગે લાગી રેવ ફાધર માર્ટીન અપ્પના મળ્યો તેઓ અમારી શાળા સેન્ટ જોસેફ સ્કૂલના પ્રિન્સિપાલ હતા. તેવો આગળ મારી વાત મૂકતા આનંદ અનુભવું છું.

મારા પુત્ર-પુત્રીનું દાન માના આશીર્વાદના હેત છે. મારી નોકરીને સાચવનાર મા અનાથોની છે. હે મા મારા જીવનમાં ઘણાં બધા કૃપાદાનો આપવા બદલ તમારો આભાર માનું છું. મારી વાત સાંભળીને ફાધર ખુશ થઈ ગયા. મને પણ ઘણો આનંદ થયો કે મારા ગુરુ, મારા પ્રિન્સપાલ ફાધરને હું મળ્યો છું. એ પણ એક મા અનાથોનીનો સંકેત હશે.

મા તારો ખૂબ ખૂબ આભાર. અનાથોની માતાનો જય.

**-મહેન્દ્રભાઈ પરમાર**
**અમદાવાદ**

## કેન્સર મટયું :

હું નામે ઈન્દિરાબેન પરમાર. મા અનાથોનીની સાક્ષી આપતા જણાવું છું કે તા. ૫-૯-૨૦૧૯ ને ગુરુવારના રોજ ખંભોળજ માનો આભાર માનવા માટે પરીવાર સાથે આવી હતી.

ત્યાં આગળ અમોને રેવ ફાધર માર્ટિન અપ્પા મળ્યા. મારા માતા ઉપર હાથ મૂકીને મારા માટે પ્રાર્થના કરી મેં દબદબી આંખે મારી સ્ટોરી જણાવી. ફાધર હું ભયંકર બિમારીમાં સપડાઈ ગઈ હતી. ફીજીયોથેરાપી સારવાર લઈને હું મારા જીવનથી કંટાળી ગઈ હતી. મારું આખું ઘર હેરાન-પરેશાન થઈ ગયું.

બિમારીથી એવું લાગતું હતું કે જીવનનો અંત આવે તો સારું પણ મને મા અનાથોનીમાં શ્રધ્ધા ને વિશ્વાસ હતો કે આજે નહીં તો કાલે મને નવુ જીવન મળશે. ને બન્યું એવુંજ લાંબી બિમારીમાંથી મને છુટકારો મળ્યો. હવે મારી બિમારી ગાયબ છે. હું સામાન્ય જીવન જીવું છું.

આજે રેવ ફાધર સમક્ષ મારી વાત રજુ કરતા મારી આંખોમાં ખુશીના આસું છે. ફાધર કહે છે બહેન તમારી શ્રધ્ધાએ તમને સાજા કર્યા છે. મને ખંભોળજ આવવાથી ઘણું સારું લાગ્યું. મારા જીવનની દુઃખભરી કહાની નામ માટે નહીં મારા જેવા અસંખ્ય રોગીઓના રોગ મા મટાડે એટલા માટે રજૂ કરી રહી છું.

અંતે એટલું જ વહાલી મા તારા પુત્ર આગળ અમારા માચે વિનંતી કરજો.

**-ઈન્દિરાબેન પરમાર**
**વડોદરા.**

## આઈ.સી.યુ. રૂમમાંથી બહાર :

આજરોજ તા. ૧૦-૯-૨૦૧૯ ને સાંજે ૬-૩૦ કલાકે હું નામે દિલકુશ અશ્વિન પાંડવ રાજપીપળા, કેવડીયા કોલોનીનો રહેવાસી મારી વાત ફાધર સમક્ષ રજૂ કરતાં આંખમાં ખુશીના આંસુ અને હૃદયમાં આનંદ છે.

તા. ૧૨-૮-૨૦૧૯ ના રોજ હું મારી મોટર સાઈકલ લઈને જઈ રહ્યો હતો ત્યાં મને આઈસર ગાડીવાળાએ ટક્કર મારીને મને બેભાન અવસ્થામાં હોસ્પીટલ ખસેડવામાં આવ્યો. જ્યારે મને ભાન આવ્યું ત્યારે મને જનરલ મુકાવામાં આવ્યો. માાર મમ્મી-પપ્પાની બાધા હતી કે મારો છોકરો તમે આપ્યો છે. રજા મળતા હું ઘરે ન જતા મારા પુત્રને લઈને મા તારા ધામમાં આવીશ, એટલે હું ને મારું કુટુંબ મા અનાથોનીનો આભાર માનવા ખંભોળજ આજ રોજ આવ્યા છીએ.

મારી સાક્ષી આપતા મને આનંદ થાય છે. બોલવામાં થોડી તકલીફ પડે છે. મારો નવો જન્મ થયો હોય તેવું લાગે છે. ડોકટરોએ પણ કહેલું કે કેસ ફેલ છે. મારા મમ્મી-પપ્પાની પ્રાર્થના મા મરિયમનો ચમત્કાર આજે મને મૃત્યુ લોકમાંથી પૃથ્વીલોક ઉપર પાછો મોકલ્યો છે.

**-દિલખુશ અશ્વિન પાંડવ**
**રાજપીપળા**

ખોવાઈ ગયેલ ડોક્યુમેન્ટ મળેલ :

મારું નામ નિલેષ પરમાર, રહેવાસી અમદાવાદ. હું નવરંગપુરામાં નોકરી કરું છું. એપ્રિલ-૧૯ માં નોકરીના સ્થળેથી ઘર તરફ જતાં મારું પર્સ ખોવાઈ ગયેલ. જેમાં પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, ઈલેકશન કાર્ડ, ઓફીસ આઈ.ડી. કાર્ડ તથા રોકડ રકમ હતી. તે એલીસબ્રીજ પાસે બાઈક પરથી પડી ગયેલ જે મને ખબર નહોતી. હું જ્યારે ન્યુ મણીનગર જતા ખબર પડેલ. તેમાં બધા અગત્યના પુરાવા હોવાથી પાછા જઈ શોધખોળ કરી પણ કાંઈ મળ્યું નહીં. લગભગ ૨ કલાક શોધ્યા બાદ પોલીસ સ્ટેશને અરજી કરવાની કોશીષ કરી.

ત્યારબાદ ઘરે જઈ માતા મરિયમને વિનંતી કરીકે કોઈ પણ રીતે તે મને મળી જાય. તો બીજા દિવસે એક બિલકુલ અજાણ્યો વ્યક્તિ મને શોધતા નવરંગપુરા ઓફિસે આવી આપી ગયો. તે માટે હું માતાનો આભાર માનું છું. સઘળા અગત્યના ડોક્યુમેન્ટ પરત મળી ગયા. જય મા મરીયમ.

**-પરમાર નિલેષ**
**અમદાવાદ, નવરંગપુરા**



**ડર લાગે...**

સાથે મળી સ્તુતિ તેની
બધાની વચ્ચે હળી મળી !
ભક્તિ કેરું ભાથું લઈને
પ્રભુ કેરું નામ લઈને !
જન્મ્યો જગમાં તેના થકી
નિત સવારે શ્વાસ લઈ ?
નકામી વાતો મૂકી દઈને
આવો સૌની સાથે થઈ !
ઈસુનો સ્વીકાર કરી
આવે 'શૈલ' નામ લઈ

**- તંત્રી, શૈલેષ વાણીયા "શૈલ"**

# અનાથોની માતાનું તીર્થધામ સમાચાર

-શૈલેષ વાણીયા

## ૮૦મો ભક્તિ મેળો :

મેળાની તૈયારીના ભાગરૂપે તા. ૧૮-૧૦-૧૯ થી લઈને તા. ૨૬-૧૦-૧૯, શનિવારના રોજ દરરોજ સાંજે નોવિનાભક્તિ, ગુલાબમાળા, ખ્રિસ્તયજ્ઞ સાંજે ૬-૦૦ કલાકે તાબાના ગામને તારીખ મુજબ વહેંચવામાં આવ્યા તેઓ દ્વારા સમગ્ર સંચાલન પ્રથમ દિવસ ખંભોળજ ગામ ૧૯-૧૦, રાસનોલ ગામ ૨૦-૧૦, બધા માટે કોમન રવિવાર હોવાથી ૨૧-૧૦ ખાનપુર, ખેરડા ૨૨-૧૦, ઓડ ગામ ૨૩-૧૦, ત્રણોલ-કુંજરાવ ૨૪-૧૦, ભરોડા ૨૫-૧૦, કણભચપુરા ૨૬-૧૦ - મહિલા મંડળ.

૨૬ મી સાંજે ખ્રિસ્તયજ્ઞ બાદ યોસેફ મંડળ દ્વારા ભજનોની રમઝટ સાથે માતા મરિયમની શોભાયાત્રા કાઢવામાં આવી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડયા. મોટાવાસથી ઈસુચોક, સિસ્ટરોનું દવાખાનું ત્યાર બાદ પરત સ્કૂલ કમ્પાઉન્ડમાંથી ભકિતભાવ પૂર્વક ભક્તોએ ભાગ લીધો. ગરબાની રમઝટ જોવા મળી. સાંજે પદયાત્રીઓનો મોટો સંઘ બધાને જમવાનું ફાધર દ્વારા આપવામાં આવ્યું. સેવા સમિતિ દ્વારા સેવા.

## દિવાળીનો દિવસ :

તા. ૨૭-૧૦-૧૯, રવિવારના રોજ પ્રથમ ખ્રિસ્તયજ્ઞ રેવ ફાધર લૉરેન્સ દ્વારા અર્પણ કરવામાં આવ્યો. તેમની સાથે ઘણાબધા ફાધરો જોડાયા. ૫-૪૫ વાગ્યે રાત્રે આવેલ શ્રદ્ધાળુઓએ ભક્તિભાવ પૂર્વક ભાગ લીધો. સૌનો આભાર. સભા પુરોહિત દ્વારા ક્વાયર ટીમ આભાર.

બીજો ખ્રિસ્તયજ્ઞ રેવ ફાધર ચાર્લ્સ દ્વારા ૭-૦૦ કલાકે આભાર સર્વ મરિયમ ભક્તો, ક્વાયર ટીમ, માસ અર્પણ કરતા ફાધરોનો.

દિવાળી પર્વ ટાણે ત્રીજો ખ્રિસ્તયજ્ઞ રેવ ફાધર રમેશ સેન્ટ મેરી ધર્મવિભાગના સભાપુરોહિત દ્વારા તેમની સાથે ઘણાબધા ફાધરો સેવાકાર્યમાં મદદરૂપ સર્વનો આભાર.

ચોથો ખ્રિસ્તયજ્ઞ બોચાસણ ધર્મવિભાગના સભાપુરોહિત રેવ ફાધર જયરાજ દ્વારા મા મરિયમના દેવાલયમાં કતારો જોવા મળી પગ મૂકવાની જગ્યા નહતી આવનાર દર્શનાર્થીઓનો આભાર.

પાંચમો ખ્રિસ્તયજ્ઞ રેવ ફાધર જેમ્સ મહાધર્મ ગાંધીનગર વિભાગમાં તેઓ પોતાની સેવા આપે છે. તેમની સાથે જોડાનાર સર્વ ફાધરનો આભાર.

છઠ્ઠો ખ્રિસ્તયજ્ઞ અમદાવાદ ધર્મ વિભાગના પૂ. રેવ બિશપ રત્નસ્વામીના કરકમળ હસ્તે ૧૧-૩૦ કલાકે મોટી સંખ્યામાં ભક્તો જોડાયા. પ્રાર્થના, ડાન્સ મહોલ્લાની બાલિકાઓ દ્વારા. ખ્રિસ્તયજ્ઞ બાદ બિશપ સાહેબનું પુષ્પમાળાથી સન્માન સભાપુરોહિત રેવ ફાધર લૉરેન્સ દ્વારા. આભારવિધિ શૈલેષ વાણીયા દ્વારા. ૮૦મો ભક્તિમેળો ખુબજ ધાર્મિક વાતાવરણમાં સંપન્ન થયો.





અંતિમ ખ્રિસ્તયજ્ઞ રેવ ફાધર સીજોન દ્વારા. આવનાર ભક્તોના મુખકૃતિ ઉપર અનેરો આનંદ જોવા મળ્યો. કોઈપણ જાતના અનીચ્છનીય બનાવ વગર નિર્વિઘ્ન મેળો પૂર્ણ. ભક્તોનો હૃદયથી આભાર. માતા અનાથોની તમારી અરજનો સ્વીકાર કરે એજ પ્રાર્થના.

## પ્રથમ રવિવાર :

નવેમ્બર મહિનાનો પ્રથમ રવિવાર ખાસ એટલા માટે કે તેના આગળનો રવિવાર દિવાળી પર્વનો ૮૦મો મેળો હોવા છતાં ભક્તોનો ધસારો જોવા મળ્યો. વહેલી સવારથી લઈ સાંજે ૮-૩૦ વાગ્યા સુધી મરિયમ ભક્તો માના ધામમાં ઉમટી પડયા. ૮-૩૦ કલાકનો ખ્રિસ્તયજ્ઞ ગાંધીનગર મહાધર્મ પ્રાંતના મહાધર્માધ્યક્ષ પૂ. થોમાસ મેકવાનના વરદ્ હસ્તે.

પરંપરા મુજબ બિશપ સાહેબનું પુષ્પમાળાથી સન્માન ભરોડાના ગીરધર દાદા દ્વારા કરવામાં આવ્યું. મોટી સંખ્યામાં ભક્તો માના ધામે દોડી આવ્યા. ત્યારબાદ ૧૧-૦૦ કલાકનો ખ્રિસ્તયજ્ઞમાં પણ મરિયમભક્તોની મોટી મેદની જોવા મળી. આખો દિવસ વેકેશનને લઈને ભક્તો માના ધામે ઉમટી પડયા.

## યુવા સેમિનાર :

તા. ૧૭-૧૧-૧૯ રવિવારના રોજ ખંભોળજ મુકામે રેવ ફાધર લૉરેન્સ આયોજિત યુવાનો માટે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. બરાબર ૧૦-૦૦ કલાકે યુવાનોને હોલમાં બેસાડવામાં આવ્યા.



તરત પ્રાર્થના દ્વારા પ્રથમ સેશનની શરૂઆત કરવામાં આવી વક્તા તરીકે શ્રીમતી ઈન્દુબેન રાવ (જાણીતા લેખિકા), શ્રી સીઝર ડી'સિલ્વા (પ્રિન્સીપાલ -ગ્લોબલ સ્કૂલ, અમદાવાદ) વાર્તાઓ, ઉત્તમ અને સર્જનાત્મક ઉદાહરણો અને પોઝીટીવ ઈન્ફોરમેશન આપતા વિડીયો દ્વારા સમગ્ર શિબિરનું આયોજન કરી આજની યુવા પેઢીને કારકિર્દી માટે આગેકૂચ બળ પુરુ પાડવામાં આવ્યું હતું. પ્રસ્તાવના મુજબ આખો દિવસ યુવા શિબિર રાબેતા મુજબ ચાલી. કાર્યક્રમમાં (૧) પ્રાર્થના (૨) આવકાર (૩) વક્તા શ્રીમતી ઈન્દુબેન દ્વારા આજના યુવાનોની જરૂરિયાત (૪) શ્રી સીઝર ડી'સીલ્વા દ્વારા દારૂથી થતા ગેરલાભ, યુવાનોનું સમાજમાં યોગદાન (૫) પ્રોજેક્ટરની મદદથી વિડીયો (૬) સ્નેહ ભોજન (૭) રેવ ફાધર લૉરેન્સ દ્વારા યુવાનો પાસે અપેક્ષા (૮) આભાર વિધિ (૯) અંતિમ પ્રાર્થના (૧૦) ચ્હા-નાસ્તો.

રૂપરેખામાં દર્શાવ્યા મુજબ આખો દિવસ શિબિર ચાલી. યુવાનો પોતાની જગ્યાએથી ખસવાનું નામ લેતા ન હતા. આવનાર વક્તાઓનો આભાર સભાપુરોહિત દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો. યુથ માંહે માંહે ચર્ચા કરતા હતા કે હવે પછી ક્યારે ભેગા થવું. ઘણું બધુ ભાથુ જીવનમાં ઉપયોગી શિખવાડ્યું. ૧૦-૦૦ કલાકે શરૂ કરવામાં આવેલ સેમિનાર બરાબર ૪-૦૦ કલાકે આભાર વિધિ સાથે ચ્હા-નાસ્તાની મઝા માણી યુવાધન છુટું પડયું. આવનાર દરેક યુવા ચહેરા ઉપર અનેરો આનંદ જોવા મળ્યો. આ શિબિર પાછળ સભા પુરોહિત દ્વારા મોટો ખર્ચ કરવામાં આવ્યો.

સાથે આજ દિવસે બાળદિનની ઉજવણી આણંદ ડીનરે આયોજિત લીમડાપુરા મુકામે ૪૫૦ બાળકો એકત્રીત થયા. ખંભોળજ પેરીશમાંથી અંદાજે પચ્ચીસ જેટલા બાળકોએ બાળદિનમાં ભાગ લીધો બાળકોને લાવવા લઈ જવાની તમામ જવાબદારી રેવ ફાધર દ્વારા ઉપાડવામાં આવી.

૧૦-૦૦ કલાકે શરૂ કરવામાં આવેલ કાર્યક્રમ ૪-૦૦ કલાકે પૂર્ણ થયો. બરાબર ૪-૪૫ વાગ્યે બાળમિત્રો માના દરબારમાં સહી સલામત આવી ગયા. બાળકો આનંદમાં જોવા મળ્યા.

## સર્વ સદ્ગત ભક્તોની સ્મૃતિ :

તા. ૨-૧૧-૨૦૧૯, શનિવારના રોજ કબરને આશીર્વાદ રેવ ફાધર લૉરેન્સ દ્વારા જાહેરાત કરવામાં આવી તે મુજબ



સર્વ સ્નેહીજનો પોતપોતાના સદગતની કબર આગળ ફૂલ, મીણબત્તી ચઢાવવા સાંજે ૪-૩૦ કલાકે કબ્રસ્તાનમાં આવી ગયા.

રેવ ફાધર માર્ટીન દ્વારા પ્રાર્થના કરાવવામાં આવી. ભજનો દ્વારા વિધિમાં આગળ વધ્યા. મરણોત્તર વિધિ પૂર્ણ કરીને અંતિમ ભજન ગાવામાં આવ્યું. ફાધરે બન્ને કબ્રસ્તાન આગળ પ્રાર્થના કરી પવિત્ર પાણીનો છંટકાવ કર્યો.

સ્નેહીજનો પિતૃત્વની કબર આગળ ફાધરને લઈ ગયા કબરને આશીર્વાદ આપવામાં આવ્યો. આમ ૪-૩૦ કલાકે શરૂ કરવામાં આવેલ વિધિ ૫-૩૦ કલાકે પૂર્ણ.

ખંભોળજ કબ્રસ્તાન ફૂલ, મીણબત્તી, અગરબત્તીની સુવાસથી મહેંકી ઉઠયું. કબ્રસ્તાનમાં સ્વચ્છતા જોવા મળી.

## સાડી વિતરણ કાર્યક્રમ :

તા. ૨૩-૧૨-૨૦૧૯ સોમવારના રોજ ખંભોળજ પેરીશની તમામ વિધવા બહેનો માટે નડિયાદના દાતા શ્રી રમેશભાઈ ખ્રિસ્તી દ્વારા સાડી વિતરણ કરવામાં આવી.



આજ રોજ ૧૧-૦૦ કલાકે વિધવા બહેનો ચર્ચમાં દાખલ થઈ. ફાધર માર્ટીન અપ્પા દ્વારા બહેનો માટે ખાસ પ્રાર્થના કરી. ત્યારબાદ બધી જ બહેનોને હોલમાં બેસાડવામાં આવ્યા. રેવ. ફાધર લૉરેન્સ દ્વારા બધી જ બહેનોને આવકાર્યા બાદ તેમને નાતાલ સંદેશ આપ્યો. સર્વને નિયિમિત દેવળમાં આવવા તથા પ્રાર્થના કરવા પ્રોત્સાહન આપવમાં આવ્યું.

૧૨-૩૦ વાગ્યે બધા જ બહેનો ભોજન માટે ગયા. ત્યાર બાદ ફરી પાછા હોલમાં ગોઠવાઈ ગયા. ફાધર દ્વારા બધાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો સાથે રમેશભાઈ ખ્રિસ્તીનો પણ આભાર માનવામાં આવ્યો. વારાફરતી ફાધર દ્વારા સાડીનું વિતરણ કરવામાં આવ્યું. નાતાલની નાનકડી ભેટ લઈ આનંદ સાથે બધી બહેનો છુટા પડયા. રમેશભાઈનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

## પવિત્ર કુટુંબપર્વની ઉજવણી :

તા. ૨૯-૧-૨૦૧૯ રવિવારના રોજ ૮-૩૦ કલાકના ખ્રિસ્ત યજ્ઞ બાદ રેવ. ફાધર લૉરેન્સ દ્વારા ખંભોળજ પેરીસના તમામ ગામના લોકો માટે નાતાલ પર્વની ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બાઈબલ ક્વીઝ, કેરલ સીગીંગ, નાટક જેવી હરીફાઈઓ રાખવામાં આવી હતી.

મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો. પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર દ્વારા આપવામાં આવ્યા. દરેકને ઈનામ આપવામાં આવ્યું. સવારે ૯-૩૦ કલાકે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ઈનામ વિતરણ ચર્ચમાં કરવામાં આવ્યું રેવ. ફાધર માર્ટીન અપ્પાના વરદ્ હસ્તે. કાર્યક્રમને સફળ બનાવવામાં મદદરૂપ બનનાર સર્વનો આભાર ફાધર દ્વારા માનવામાં આવ્યો. ૧-૩૦ કલાકે બધાએ ભોજન લીધું ત્યાર બાદ બધા છુટા પડયા હતા.



# અનાથોની માતાનું તીર્થધામમાં થતી પ્રવૃત્તિઓની ઝલક











# તમારો પત્ર....

આપણી મા ત્રિમાસિક મુખપત્ર દિનપ્રતિદિન વિકાસ પામી રહ્યું છે. ઓક્ટોબરથી ડિસેમ્બર -૨૦૧૯ના અંકમાં રેવ. ફા. લૉરેન્સના સંદેશમાં કોઈ કારણોસર લગ્નગ્રંથિથી છુટા પડેલા યુગલો માતા મરિયમની મધ્યસ્થી થકી ફરીથી ભેગા થાય છે, તેમ જણાવેલ છે. તંત્રીશ્રી શૈલેષ વાણીયાએ તંત્રી લેખમાં પોતાના વિચારો ખૂબજ સહજતાથી વર્ણવ્યા છે. કૂમળા છોડને વાળીએ તેમ વળે તે અનુસાર પોતાના બાળકોમાં બાળપણથી જ સારા સંસ્કાર આપવા પર ભાર મુક્યો છે. અભિનંદન.

બાળમિત્ર - રંગનાથ કાંચિડોમાં પ્રીતિબેન પરમારે સુંદર શીખ આપી છે. બીજાને છેતરવા જતા આપણે પણ છેતરાઈએ છીએ.

કારણકે હું એક મા છું માં રાજબંધુએ માતા મરિયમનો મહિમા વિસ્તારથી વર્ણવ્યો છે. જેવી કમાણી તેવી સમાણીમાં શ્રી લક્ષ્મીબેને પોતાની જાતે મહેનત કરીને મેળવેલા પૈસા સારા માર્ગે વપરાય છે, જ્યારે અનીતીના પૈસા પાપમાં ડૂબાડે છે. બંનેને ધન્યવાદ. ઉપરાંત અન્ય લેખકો તથા સભાપુરોહિત અને તંત્રીશ્રી શૈલેષ સાહેબને ધન્યવાદ સહ અભિનંદન.

**-ફ્રાન્સિસ ગાલુસ મેકવાન,**
**ચાવડાપુરા, જીટોડિયા**

ઓક્ટોબરથી ડિસેમ્બર માસનો અંક મળ્યોને વાંચ્યો. મુખપૃષ્ઠ ઉપર સુંદર માતા મરિયમનું ચિત્ર ૮૦મો મેળાના દર્શન કરાવે છે. હાથમાં કલમ લઈને પત્ર પાઠવવા બેઠો છું. સુંદર ચિત્ર પસંદ કરનારને અભિનંદન.

રેવ ફાધર લૉરેન્સ દ્વારા આપવામાં આવેલ સંદેશ શ્રધ્ધામાં વધારો કરે છે. યુવામિત્ર તંત્રીશ્રી દ્વારા આપવામાં આવેલ સેવા ઉમદા. વધુ ન લખતા આપણી મા દ્વારા અનાથોની માતાનો મહિમા ઘરે ઘરે પ્રગટયો છે. તેવું મારું માનવું છે. મંડળ સાથે સંકળાયેલ તમામ સ્નેહીજનોને કવિ જોસેફભાઈ તરફથી નાતાલ તથા નવાવર્ષની પ્રેમી સલામ.

**-જોસેફ વાય. મેકવાન**
**વડોદરા**

આપણી મા અંક મળ્યો. મુખપૃષ્ઠ જોતા આનંદ થયો. મા અનાથોનીના દર્શન ઘરે બેસીને થતા હોય કેવું સદ્ભાગ્ય, ચર્ચના દ્વારે કંડરેલ મુખપૃષ્ઠ પ્રેમનું આલિંગન સુચવે છે. ફાધર લૉરેન્સ દ્વારા મહામિશનરી મા મરિયમ શ્રદ્ધામાં વધારો કરે છે. ધન્યવાદ ફાધર લૉરેન્સને.

આપણી મા તંત્રીશ્રીની કલમે લખાયેલ લેખ સુંદર પ્રકાશ પાડે છે. માની દયા મેળવવા માટે સતત તેની નજીક જવું પડે. ગુલાબમાળાનો મહિમા વેરઝેરથી દૂર રાખે, લોકના મહેણા ટોણાથી ગુલાબમાળા બોલવાનું બંધ ન કરીએ. અમીતના જીવનમાંથી પ્રેરણા વર્તમાન પરિસ્થિતિમાં સુધારો. વ્યસનોમાંથી મુક્તિ, સમાજ માટે ઘેરી અસર છોડી જાય છે. અભિનંદન. સાહેબશ્રીને.

કાવ્ય વિભાગમાં મોટી સંખ્યામાં પોતાનું કાવ્ય આપેલ છે. મને લાગે છે કે નિયમિત વાંચન થતું હોય સર્વ કવિમિત્રોને અભિનંદન. સાક્ષી વિભાગથી વધુ પ્રભાવિત છું જેમ બને તેમ વધુ મરિયમ ભક્તો પોતાને થયેલ માનો અનુભવ પ્રગટ કરે.

આપણી મા આવતા લેખો ઉત્તમ અને ઉપયોગી હોય છે. ઘણી વખત અમે બાળકોને શિક્ષણમાં પૂરક સામગ્રી તરીકે ઉપયોગીમાં લેતા હોય છે. અંતે એટલું ચમત્કારીક અનાથોની માતાનો ૮૦મો ભક્તિ મેળા નિમિત્તે સર્વને શુભેચ્છા.

**-સંજય પરમાર**
**નરસંડા**

આપણી મા ઓક્ટોબર મારા ઘરે આવી. વાંચીને પત્ર પાઠવવાનું મન થયું. હું તો વધારે કાંઈ લખતી નથી પરંતુ મને સાક્ષી વાંચવામાં મઝા આવે છે. અલગ અલગ ચમત્કારથી ભરપૂર ૧૪ જણે આપેલ સાક્ષીથી હું પ્રભાવિત થઈ. મા તારો ખૂબ ખૂબ આભાર.

ફાધર લૉરેન્સ માતા મરિયમ : મહા મિશનરી સંદેશમાં જણાવે છે કે સાચી માતા મરિયમની ભક્તિ એટલે માતા મરિયમની જેમ સાચે વાણી તથા વર્તન દ્વારા મિશનરી થવું. ધન્યવાદ ફાધર.

અંતમાં સમગ્ર અંક વખાણવા લાયક છે. અંકને પ્રગટ કરવા આપવામાં આવેલ સહયોગ સહયોગીને ધન્યવાદ.

આપણી મા સર્વના જીવનમાં મદદરૂપ બને.

**-મધુબેન એસ. પરમાર**
**વિદ્યાનગર**

## ગઝલ

પ્રભુ તારા વિનાનું આ જીવન મારું અધુરુ છે,
મળે જો સાથ જીવનભર તારો તો મધુરુ છે.
બનાવ્યો તે મને તારા પ્રતિકરૂપ જેવો
છતાં ના રહ્યો હું ધાર્યો હતો તે મને એવો.
જગતમાં ભૌતિક વાના માટે આજ ઘેરી વળ્યાં છે,
નીકળવા ચાહું છું બહું તોય જળો જેમ વળગ્યા છે
વિના સાથ તારા અશક્ય છે નીકળવા બહાર
અગર નહીં મળે સાથે તારો તો જરૂર મારી હાર
પ્રભુ તારા નામે હજારો ભવસાગર તરી ગયા
જે ભૂલી ગયા તુજને ભવસાગરમાં ડૂબ્યાં
જગતમાં હજારો સંતોને તારી લાગી લઈ માયા
તારું નામ જપતાં તારા સ્વર્ગમાં આયા.

**- જોન બેડા પરમાર 'રમણ'**
**કરમસદ**

## લખી-લખીને...

લખી-લખીને શું લખું ?
એક તને હું આભ લખું,
એક તને હું ચદ્ર લખું,
લખી-લખીને શું લખું ?
રાતના તને સપનાં લખું,
રાતરાણીની ફોરમ લખું,
અંતે તને હું વેદના લખુ ?
લખી-લખીને શું લખું ?
ફૂલ ગુલાબી ચ્હેરો લખું,
કોમળ હાથનો સ્પર્શ લખું,
નિર્દોષ તારો સ્વભાવ લખું
લખી-લખીને શું લખું ?
તારા મિલનનું સ્થળ લખું,
ઝાંઝવાના તને જળ લખું
તારા મિલનની આશમાં હું,
પ્રભુની તને પ્રાર્થના લખું,
લખી-લખીને શું લખું ?

**- હિતેશ સુતરિયા, પેટલાદ**

## નવીન વર્ષનું ટાણું

શ્રદ્ધાથી સજાવ્યું મારું, આંગણું જી રે
નવીન વર્ષ કેરૂં ટાણું છે આજ
આવો આવો પ્રભુ પાવન કરો આંગણું જીરે... શ્રધ્ધાથી
તમને ગત વર્ષે સંભાળ્યા પ્રેમથી રે
વર્ષાન્તે સંભાળ્યો મને હેતથી રે
મારાં હૃદયમાં રહેજો કૃપાળુ
આવો આવો પ્રભુ પાવન કરો આંગણું જીરે... શ્રધ્ધાથી
હું તો તન મનથી સ્ત્રોતો આજે ગાઉ જીરે...
નમ્ર દિલનો પ્રભુ આજ થાઉ જીરે..
કરું હાલેલુયાના પોકાર
આવો આવો પ્રભુ પાવન કરો આંગણું જીરે... શ્રધ્ધાથી
આજે અણબોલ ભેગા જુઓ તાયે જીરે
હસ્તધુન કરવા દોડીદોડીને જાયે જીરે
આવો આવો પ્રભુ પાવન કરો આંગણું જીરે... શ્રધ્ધાથી

**- જોસેફ વાય મેકવાન**
**વડોદરા**

## ગઝલ

સમજદારી કેડી પર ચાલીને જોયું છે,
સપનું આજે એક આંખો ખોલીને જોયું છે.

મૌન સમજવા જેવા કાબિલ જ ક્યાં હતાં ?
એટલે આજે બધે બધું બોલીને જોયું છે !

સમજાતું નથી ક્યાં સંતાઈ જાય આવીને
યાદો દિલને મેં પાછું વલોવીને જોયું છે !

જિંદગીભર જેની બીકે ડરાવતા રહ્યા મને
એ મોતન મેં આજે સામે ચાલીને જોયું છે

ભાર એણે આ જીવન ઈચ્છાનો જ ઉઠાવ્યો
સાવ હલકું હતું શબ તોલીને જોયું છે !

**- હિમાંશુ મેકવાન**
**અમદાવાદ**



# Merry Christmas

## and Happy New Year

# નાઈસ પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ

**ભારત સેવક સમાજ-નાઈસ ઈન્સ્ટીટ્યુટ(Guj/7792)Nadiad**

**૧ વર્ષ, ૨ વર્ષ, ૩ વર્ષ (બેંગ્લોર) નર્સિંગ કોર્ષ**

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | મુદત |
|---|---|---|---|
| 1 | જી.એન.એમ (બેંગ્લોર) માર્ગદર્શન | ૧૨ પાસ | ૩ વર્ષ |
| 2 | પેશન્ટ કેર આસીસ્ટન્ટ (એડવાન્સ નર્સિંગ હોસ્પિટલ પ્રોગ્રામ) | ૧૦, ૧૨ પાસ | ૨ વર્ષ |
| 3 | પેશન્ટ કેર આસીસ્ટન્ટ (નર્સિંગ આસીસ્ટન્ટ) | ૧૦, ૧૨ પાસ | ૧ વર્ષ |
| 4 | લેબ ટેક્નીશીયન (DMLT) | ૧૦, ૧૨ પાસ | ૧ વર્ષ |
| 5 | ડીપ્લોમા ઈન ઓ.ટી આસીસ્ટન્ટ | ૧૦, ૧૨ પાસ | ૧ વર્ષ |
| 6 | ડીપ્લોમા ઈન મેડીકલ હેલ્થ નર્સિંગ આસી. | ૧૦ નાપાસ | ૧ વર્ષ |

**ખાસ નોંધ :** (૧) લીમીટેડ સીટ (૨) દરેક કોર્ષમાં બુક્સ, મટીરીયલ્સ ફ્રી મળશે. (૩) ગામડેથી આવનાર બહેનોને મફત બસ પાસ સુવિધા તથા ભાઈઓને કન્સેસન પાસ (૪) ખૂબ જ ગરીબ, વિધવા, મા-બાપ વિનાની બહેનોને ખૂબજ ઓછી ફી અને જોબ અગ્રીમતા આપવામાં આવશે.



Manish Amrutbhai Parmar
& Family
Director

**-: વધુ માહિતી માટે રૂબરૂ મળો :-**

| | | | |
|---|---|---|---|
| નડિયાદ | : | ૫૦૯, સીટી પોઈન્ટ કોમ્પ્લેક્ષ, ઈપ્કોવાલા હોલ સામે. | M : 9510315040 |
| વિદ્યાનગર | : | બીજો માળ, સુપર માર્કેટ કોમ્પલેક્ષ, નાના બજાર | M : 9510042266 |
| બોરસદ | : | ૧૧૭, દિનશા ચેમ્બર, બસ સ્ટેન્ડ સામે, પંચાયત રોડ | M : 9979974424 |
| વડોદરા | : | બી-૬૦ બ્લોક-૨ ઉનડદીપ કોમ્પલેક્ષ, તરસાલી રીંગ રોડ | M : 8000552515 |
| વડોદરા | : | S.F.11, મારૂતિ કોમ્પ્લેક્ષ, નિઝામપુરા બસસ્ટેન્ડની સામે | M : 9376695255 |
| રોણવેલ | : | ગાંધી વિદ્યાલય, હાઈસ્કૂલ સામે, નવેરા રોડ, જિ. વલસાડ | M : 9913408333 |

**ધો. ૧૦,૧૨ (દરેક પ્રવાહ) તથા કોલેજ પાસ-નાપાસ માટે ૧૦૦% જોબ લક્ષી કોર્ષ**

ધો. ૧૦ તથા ૧૨, કોલેજ પાસ-નાપાસ માટે ૧૦૦% જોબ લક્ષી કોર્ષ

હોસ્ટેલ સુવિધા

# સંકલ્પ એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ

સ્કોલરશીપ સુવિધા

પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાના અધિકૃત તાલીમ ભાગીદાર
GOVERNMENT OF INDIA MINISTRY OF SKILL DEVELOPMENT & ENTREPRENEURSHIP

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | મુદ્દત |
|---|---|---|---|
| ૧ | જી. એન.એમ. (બેંગ્લોર) | ૧૨ પાસ | ૩ વર્ષ |
| ૨ | પેશન્ટ કેર આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૩ | ડીપ્લોમા ઈન પ્રેક્ટીકલ નર્સિંગ એન્ડ પેશન્ટ કેર આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૨ વર્ષ |
| ૪ | ડીપ્લોમા ઈન ઓ.ટી આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૫ | સેનેટરી ઈન્સ્પેક્ટર | ૧૦ પાસ | ૧ વર્ષ |
| ૬ | P.C.B.Sc. (બેંગ્લોર) | GNM | ૨ વર્ષ |
| ૭ | બી.એસ.સી. નર્સિંગ (બેંગ્લોર) | ૧૨ પાસ (સાયન્સ) | ૪ વર્ષ |

ST / SC વિદ્યાર્થીઓ માટે
અત્યંત નજીવી એડમીશન ફી માં
GNM

NIOS (National Institute of Open School)
દ્વારા ધો. ૧૦ અને ધો. ૧૨ નાપાસ
થયેલ વિદ્યાર્થીઓ માટે પાસ થવાની સુવર્ણ તક

ગુજરાત સરકાર એજ્યુકેશન બોર્ડ
સમકક્ષ સર્ટીફીકેટ ભારત સરકાર માન્ય



## અર્પણ
## કેશવલાલ મધુકર

બી/૫ ત્રીજો માળ, વીર્ગો શોપીંગ સેન્ટર, સંતરામ રોડ, નડીઆદ.
9974089409, 9409452002

## ગ્લોબલ હેલ્થ એન્ડ એજ્યુકેશન

જી.એફ. ૧૪, મારૂતિ કોમ્પલેક્ષ, નિઝામપુરા બસ ડેપો સામે, છાણી રોડ, વડોદરા.
9898133780, 9974089409

એફ.એફ. ૧૪, ટાવર-એ, ઊનડદીપ ટાઉનશીપ, BOB ATM ની બાજુમાં, સુસેન તરસાલી રીંગ રોડ, વડોદરા.
7203033780, 9081333780

**PRINTED BOOK**

**To,**..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

From :
**Catholic Church,**
Khambholaj - 388 330.
Dt. Anand.